Tuesday, 18 August 2026

પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક




સપના એ નથી જે તમે ઉંઘમાં જોવો છો, સપના એ છે જે તમને ઉંઘવા જ ના દે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ


# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૪૩ ● સંવત-૨૦૮૨ શ્રાવણ સુદ છઠ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD







## ઉમેશભાઈ પટેલની ટ્રાયલ કોર્ટના ચુકાદા સામેની કન્વીક્શન ઉપર રોક લગાવવાની અપીલને સેશન કોર્ટે ફગાવી

### ઉમેશભાઈ પટેલની મુશ્કેલીમાં વધારોઃ સાંસદ પદ સામે તોળાયેલું કાયમી સંકટ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૭

દમણની સેશન કોર્ટે ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (ટ્રાયલ કોર્ટ) દ્વારા શ્રી ઉમેશભાઈ પટેલ વિરૂદ્ધ આપેલા કન્વીક્શનના ચુકાદાની અસર સામે સ્ટે નહિ આપવાનો આદેશ આજે સેશન કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી રાજેશ એસ. તિવારીએ આપ્યો હતો. જેના કારણે હવે શ્રી ઉમેશભાઈ પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે અને તેમને પોતાનું સાંસદ પદ જાળવી રાખવા માટે જોખમ ઉભું થયું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગત તા.૧લી ઓગસ્ટે દમણના ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (સિનિયર ડિવિઝન) શ્રીમતી પ્રણિતા ભારસકડે-વાઘની અદાલતે શ્રી ઉમેશભાઈ પટેલ અને શ્રી સુરેશભાઈ પટેલને ૨૦૧૧ના વર્ષના એક કેસમાં સરકારી અધિકારીઓના કામકાજમાં અવરોધ પેદા કરવા માટે દોષિત ઠેરવી બે વર્ષની કેદની સજા સંભળાવી હતી.



શ્રી ઉમેશભાઈ પટેલ દમણ અને દીવના સાંસદ હોવાથી જન પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ના કાયદાની કલમ ૮ અંતર્ગત કોઈ જન પ્રતિનિધિને કોઈ કેસમાં બે વર્ષ અથવા તેનાથી વધુ વર્ષ કેદની સજા સંભળાવવામાં આવે તો તેની સદસ્યતા રદ્ થઈ જતી હોય છે. તેની સામે સજા ઉપર સ્ટે ઓન કન્વીક્શન મેળવવા માટે શ્રી ઉમેશભાઈ પટેલે દમણની સેશન કોર્ટમાં અપીલ કરી હતી.

દમણની સેશન કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી રાજેશ એસ. તિવારીએ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ શ્રી ઉમેશભાઈ પટેલની અપીલને રિજેક્ટ કરવાનો હુકમ કર્યો હતો.

## સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ સાથે શુભેચ્છા મુલાકાત

### સંઘપ્રદેશના વેપાર અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવા ચર્ચા-વિચારણાં

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવી દિલ્હી, તા.૧૭

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે આજે દિલ્હી ખાતે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલની સાથે મુલાકાત કરી સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના વેપાર અને ઔદ્યોગિક વિકાસ ઉપર મૂલ્યાવાન દૃષ્ટિકોણનું આદાન-પ્રદાન કર્યું હતું. આ બેઠક દરમિયાન પ્રદેશમાં ઉદ્યોગો અને વેપારના વિસ્તાર ઉપર ભાર આપવામાં આવ્યો હતો.









## સુવિચાર - સદ્‌વિચાર

નાનો પ્રયત્ન પણ મોટો ફેરફાર લાવી શકે છે.

## કવિતા

### નિગમ વેદનો નાદ સાંભળી

નિગમ વેદનો નાદ સાંભળી
મારા ચિત્તમાં લાગ્યો ચટકે રે,
જાગીને જોતાં મિથ્યા માયા
માંડ કર્યો છે મટકો રે...

જીવ જગત બેઉ અણછતાં છે,
ઘટપટાદિક ઘટકો રે,
નિષેધ-પદ તે નિશ્ચે ગયું છે,
હવે નહીં ખટપટનો ખટકો રે...

નર નાટકમાં, નાટક નરમાં,
નાચ નિરંતર નટકો રે,
'મૂળદાસ' સો બ્રહ્મ સનાતન
વ્યાપક બીજ વટકા રે...

નિગમ વેદનો નાદ સાંભળી..
મારા ચિત્તમાં લાગ્યો ચટકે રે,

- મૂળદાસ

## આજની જોક

નટુ : 'મારી પત્ની એટલી બધી હોંશિયાર છે કે એ કોઈપણ સ્થળે કોઈપણ સમયે કલાકો સુધી ગમે તે વિષય ઉપર બોલી શકે છે.'
ગટુ : 'એમાં શી ધાડ મારી ? મારી પત્ની તો વિષય વગર પણ ગમે તેટલો સમય બોલી શકે છે !'



## કબીર વાણી

**સાધુસાથ પિછાન લે, જો કુછ તેરા હોય,**
**માટી કા ભાડા ફિરા, ફિર નહીં હાથ બિકોય।**

**-અર્થાત-**

સાચા સંત કે સારા મિત્રની ઓળખ કરી લો. આ માનવ શરીર માટીનું વાસણ છે, જે એકવાર તૂટી ગયું પછી ફરીથી બજારમાં વેચાવા નથી આવતું.



## ચાણક્ય ઉવાચ

**મનશા ચિન્તિતં કાર્યા વાચા નૈવ પ્રકાશયેત્**
**મંત્રેણ રક્ષયેદ્દુ ગુઢં કાર્ય ચાતિ નિયોજયેત્.**

**-અર્થાત-**

મનમાં વિચારેલું કાર્ય મોઢા ઉપર ન આવવું જોઈએ. મંત્રની જેમ તેને ગુપ્ત રાખવું જોઈએ. ગુપ્ત રાખીને જ વિચારેલું કાર્ય કરવું જોઈએ.

## આજનો દિન વિશેષ

### ગુલઝાર

ગુલઝાર જન્મ સંપૂરન સિંહ કાલરા; (૧૮ ઓગસ્ટ ૧૯૩૪) એક ભારતીય ઉર્દૂ કવિ, ગીતકાર, લેખક, પટકથા લેખક અને ફિલ્મ દિગ્દર્શક છે જે હિન્દી સિનેમામાં તેમના કાર્યો માટે જાણીતા છે. તેમને આ યુગના એક મહત્વપૂર્ણ ઉર્દૂ કવિ તરીકે ગણવામાં આવે છે. તેમણે ૧૯૬૩ની ફિલ્મ બંદિનીમાં સંગીત નિર્દેશક એસ.ડી. બર્મન સાથે ગીતકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને આર.ડી. બર્મન, સલિલ ચૌધરી, વિશાલ ભારદ્વાજ અને એ.આર. રહેમાન સહિત ઘણા સંગીત દિગ્દર્શકો સાથે કામ કર્યું હતું.

ગુલઝાર કવિતા, સંવાદો અને સ્ક્રિપ્ટો પણ લખે છે. તેમણે યુનાઈટેડ ક્રિશ્ચિયન સ્કૂલ લુડલો કેસલ દિલ્હીમાં અભ્યાસ કર્યો હતો. તેમણે દિવ્યા દત્તા દ્વારા એક મુલાકાતમાં રેખ્તા કાર્યક્રમમાં આ વાતનો સંકેત આપ્યો હતો. તેમણે ૫ ભારતીય રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો જીત્યા છે; જેમાં ૨ શ્રેષ્ઠ ગીતકાર, એક શ્રેષ્ઠ પટકથા, એક બીજી શ્રેષ્ઠ ફીચર ફિલ્મ (દિગ્દર્શક), અને એક શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મ (દિગ્દર્શક); ૨૨ ફિલ્મફેર પુરસ્કારો; એક એકેડેમી પુરસ્કાર; અને એક ગ્રેમી પુરસ્કારનો સમાવેશ થાય છે. તમને ૨૦૦૨માં સાહિત્ય અકાદમી પુરસ્કાર - હિન્દી, ૨૦૦૪માં પદ્મ ભૂષણ, ભારતનો ત્રીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, અને ૨૦૧૩માં દાદાસાહેબ ફાળકે પુરસ્કાર, ભારતીય સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. એપ્રિલ ૨૦૧૩માં, ગુલઝારને આસામ યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦૨૪માં, ગુલઝારને ભારતના સર્વોચ્ચ સાહિત્યિક પુરસ્કાર જ્ઞાનપીઠ એનાયત કરવામાં આવ્યો હતો.

**પ્રારંભિક જીવન :** ગુલઝારનો જન્મ બ્રિટિશ ભારત (હાલના પાકિસ્તાન)ના ઝેલમ જિલ્લાના દિનામાં માખન સિંહ કાલરા અને સુજન કૌરને ત્યાં સંપૂર્ણ સિંહ કાલરા તરીકે શીખ ખત્રી પરિવારમાં થયો હતો. ભાગલાને કારણે, તેમનો પરિવાર વિભાજીત થયો અને તેમને પોતાનો અભ્યાસ બંધ કરીને મુંબઈ તેમના પરિવારને ટેકો આપવા માટે આવવું પડ્યું. સંપૂર્ણે મુંબઈમાં ઘણી નાની નોકરીઓ કરી, જેમાં બેલાસિસ રોડ (મુંબઈ) પર વિચારે મોટર્સના ગેરેજમાં નોકરીનો પણ સમાવેશ થાય છે. ત્યાં તેઓ અકસ્માતમાં ક્ષતિગ્રસ્ત કારોને રંગના શેડ્સ ભેળવીને કામ કરતા હતા. તેઓ કહેતા, 'મને રંગોનો આવડત હતો'. રાજ્યસભા ટીવી સાથેની એક મુલાકાતમાં, તેમણે ચિત્રકાર તરીકેના તેમના કામનો આનંદ માણ્યો કારણ કે તેનાથી તેમને વાંચન, લેખન, કોલેજમાં જવા અને PWA (પ્રોગ્રેસિવ રાઈટર્સ એસોસિએશન) સાથે સંકળાયેલા રહેવા માટે ઘણો સમય મળતો હતો.

## ઔષધી : વિવિધ ઘરેલું વસ્તુઓ

વ્યક્તિને ભૂખ ઓછી લાગવાની સમસ્યા થઈ શકે છે, તમારા જઠરાગ્નિને સાચવવા માટે, જવના જૂના દાણા, ઘઉંના ચોખા અને આયુર્વેદમાં રોગપ્રતિકારક શક્તિ વધારતા ખોરાક જેવા કે લીલા ચણા (મૂંગ) સૂપનો સમાવેશ કરીને હળવા અને તાજા તૈયાર કરેલા ખોરાકનું સેવન કરો. તમારા પાચનમાં સુધારો કરવા માટે, દરેક ભોજન પહેલાં આદુનો એક નાનો ટુકડો સિંધવ મીઠા સાથે ખાઓ. મરી, આદુ, હિંગ (હિંગ) અને હળદર જેવા મસાલાઓથી બનેલા શાકભાજીના ગરમ સૂપ છે રોગપ્રાતિકારક શક્તિ માટે શ્રેષ્ઠ આયુર્વેદિક દવા. વર્ષાઋતુમાં વાત વધુ ખરાબ થતી હોવાથી, ખાટા, ખારા અને કઠોર ખોરાકને પ્રાધાન્ય આપવામાં આવે છે. ફક્ત ઉકાળેલું અને ઠંડુ કરેલું પાણી પીવો. તરસ લાગે ત્યારે જ પાણી પીવો, કારણ કે વધુ પડતું પાણી પીવાથી ચયાપચય ધીમો પડી શકે છે.

# દાનહ લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૮૦મો સ્વતંત્રતા દિવસ સમારોહ યોજાયો








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૭**

લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ ઈંગ્લીશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ અને હવેલી ઈન્સ્ટીટ્યુટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા ૮૦માં સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત પહેલા સ્કાઉટ ગાઈડ અને એનસીસીના વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય અતિથિ શ્રી ફતેહસિંહ ચૌહાણના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામા આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ આંતર શાળા હરીફાઈ અને ખેલકુદમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવમાં આવ્યું હતું. વિજ્ઞાન ઓલમ્પિયાડ ફાઉન્ડેશન દ્વારા કેતના ચૌહાણને બેસ્ટ ઓવરઓલ કોઓર્ડીનેટર એવોર્ડ ૨૦૨૫-૨૬થી સન્માનિત કરવામા આવી હતી.

શાળાની કાઉન્સલર શ્રીમતી રૂચા સિંહ દ્વારા લિખિત પુસ્તક આઈ એમ કમીટેડનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અતિથિ શ્રી ફતેહસિંહ ચૌહાણે સ્વતંત્રતા સેનાની અને શહીદોને શ્રદ્ધાપૂર્વક નમન કરી દરેકને સ્વતંત્રતા દિવસની શુભકામના આપી હતી. એમણે જણાવ્યું કે સ્વતંત્રતાની સાથે રાષ્ટ્રના પ્રત્યે કર્તવ્ય, જવાબદારી અને સંકલ્પ પણ આવશ્યક છે. એમણે વિદ્યાર્થીઓને શિક્ષણને પ્રાથમિકતા આપવા, પોતાની પ્રતિભાને ઓળખવા અને નકારાત્મક પ્રભાવથી દુર રહી રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રેરિત કર્યા હતા.

આ અવસરે સંયુક્ત સચિવ શ્રી જયેન્દ્રસિહ રાઠોડ, કોષાધ્યક્ષ શ્રી વિશ્વેશ દવે, શ્રી હીરાભાઈ પટેલ, શાળા કોલેજના આચાર્ય, શિક્ષકો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અનન્યા બિરલાનાં નેતૃત્વમાં સ્વતંત્ર માઈક્રોફિને એના IPO માટે સેબીમાં DRHP ફાઈલ કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૭**

અનન્યા બિરલાનાં નેતૃત્વમાં સર્વ સમાવેશકતા-કેન્દ્રીત નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની સ્વતંત્ર માઈક્રોફિન લિમિટેડે IPO માટે સેબીમાં એનું DRHP ફાઈલ કર્યું છે. IPOમાં રૂા.૧,૫૦૦ કરોડના નવા ઈશ્યૂ અને રૂા.૧,૫૦૦ કરોડની ઓફર ફોર સેલ શામેલ છે, જેથી ઈશ્યૂની કુલ સાઈઝ રૂા.૩,૦૦૦ કરોડ થાય છે.

સ્વતંત્ર માઈક્રોફિન લિમિટેડનું નેતૃત્વ ચેરપર્સન, અને નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનન્યા બિરલા કરે છે, જેઓ આદિત્ય બિરલા ગ્રૂપના વારસાની આગામી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૨૦૧૧માં પ્રસ્તુત કરેલાં NBFC-MFI લાઈસન્સને પ્રાપ્ત કરનારી પ્રથમ સંસ્થા આ કંપની હતી.

સ્વતંત્ર માઈક્રોફિન લિમિટેડ ૩૧ માર્ચ, ૨૦૨૬, ૨૦૨૫ અને ૨૦૨૪ના રોજ માઈક્રોફાઈનાન્સ એસેટ્સ અંડર મેનેજમેન્ટ ("AUM - MFI")ની દ્રષ્ટિએ બીજી સૌથી મોટી નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની-માઈક્રોફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન ("NBFC-MFI") છે. સ્વતંત્ર માઈક્રોફિન છેલ્લાં ત્રણ નાણાંકીય વર્ષમાં ભારતમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતી NBFC-MFI હતી, જેની AUM - MFI ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ રૂા.૧૪૪,૩૭૮.૭૨મિલિયનથી ૨૦.૮૭ ટકાના CAGR પર વધીને ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ રૂા.૨૧૦,૯૩૨.૨૨ થઈ હતી.

આ ઈશ્યૂમાથી પ્રાપ્ત રકમનો ઉપયોગ કંપનીના ટિઅર ૧ મૂડીગત આધારને વધારવા માટે થશે, જેથી એની ભવિષ્યની મૂડીગત જરૂરિયાતો પૂર્ણ કરી શકાશે. સ્વતંત્ર માઈક્રોફિન લિમિટેડ વ્યક્તિઓ અને નાનાં ઉદ્યોગસાહસિકોને ધિરાણ આપીને નાણાંકીય સર્વસમાવેશકતા માટે સક્ષમ બનાવે છે, જેથી તમામ સમુદાયોને આજીવિકા વધારવામાં અને આર્થિક ભાગીદારીને ટેકો આપવામાં મદદ મળે છે. એના પોર્ટફોલિયોમાં મુખ્યત્વે માઈક્રોફાઈનાન્સ લોન શામેલ છે. સાથે સાથે, એની પેટાકંપની સ્વતંત્ર માઈક્રો હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ મારફતે ઓફર થતી પ્રોપર્ટી સામે લોન સહિત વાજબી કિંમત ધરાવતા મકાનો માટે લોન જેવી સીક્યોર્ડ લોન ઉત્પાદનો શામેલ છે.

એક્સિસ કેપિટલ લિમિટેડ, એવેન્ડસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ, IIFL કેપિટલ સર્વિસીસ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ અને SBI કેપિટલ માર્કેટ્સ લિમિટેડ બુક રનિંગ લીડ મેનેજર છે.

# દીવના ગંગેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસના પ્રથમ સોમવારે ભાવિક ભક્તો ઉમટ્યા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૭**

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવાર નિમિત્તે દીવના પ્રાચીન અને પૌરાણિક એવા શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શન અને પૂજા-અર્ચના માટે ઉમટી પડ્યા હતા. સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

દીવના દરિયાકિનારે આવેલું ગંગેશ્વર મહાદેવ મંદિર ધાર્મિક અને ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. લોકવાયકા મુજબ, પાંડવો પોતાના વનવાસ દરમિયાન અહીં આવ્યા હતા અને પાંચેય પાંડવોએ પાંચ શિવલિંગની સ્થાપના કરી હતી. જેના કારણે આ સ્થળ શ્રદ્ધાળુઓ માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર માનવામાં આવે છે.

ગંગેશ્વર મહાદેવ મંદિરની સૌથી વિશિષ્ટ વાત એ છે કે, મંદિર સમુદ્ર કિનારે આવેલું હોવાથી દરિયાના મોજાં શિવલિંગ સુધી પહોંચે છે અને જાણે સાગરદેવ પોતે ભગવાન મહાદેવનો જળાભિષેક કરતા હોય તેવી અદ્‌ભૂત અનુભૂતિ ભક્તોને થાય છે.

શ્રાવણ માસના પ્રથમ સોમવારે મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાન ગંગેશ્વર મહાદેવના દર્શન કરી અભિષેક, પૂજા અને પ્રાર્થના કરી હતી. ભક્તિમય વાતાવરણ વચ્ચે મંદિર ખાતે સમગ્ર દિવસ દરમિયાન ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.

# વાપીના સમાજ સેવક કિરણ રાવલે ૧૪૦૦ બાળકોને ઝંડા અને નાસ્તાનું વિતરણ કરી સ્વતંત્રતા દિવસની કરેલી ઉજવણી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વાપીના સમાજ સેવક કિરણ રાવલે વાપીના અલગ અલગ વિસ્તારોમાં રહેતા અને સરકારી આંગણવાડીઓ તેમજ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા લગભગ ૧૪૦૦ બાળકોને ઝંડા અને નાસ્તા વિતરણ કરી સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરી હતી.

વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને વાપીના સમાજ સેવક કિરણ રાવલ અને ટ્રસ્ટ ગ્રુપના અન્ય સભ્યો દ્વારા ૧૫ મી ઑગસ્ટ એટલે સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખી દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજ સેવક કિરણ રાવલે વાપીની આંગણવાડીમાં અભ્યાસ કરતા નાના ભુલકાઓ અને વાપીના અલગ અલગ વિસ્તારમાં રહેતા દેશનું ભવિષ્ય કહેવાતા નાના બાળકો સાથે સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરી હતી. તેમણે દરેક બાળકો સાથે દેશનું રાષ્ટ્રગાન ગાઈને દેશના તિરંગાને સલામી આપી હતી. વાપીના સમાજ સેવક કિરણ રાવલે દરેક નાના આંગણવાડીના છોકરાઓ તેમજ અલગ અલગ વિસ્તારના નાના-મોટા લગભગ ૧૪૦૦ બાળકોને દરેકને રાષ્ટ્રધ્વજ આપી સાથે સાથે છોકરાઓને ચોકલેટોના પેકેટો, બિસ્કિટના પેકેટો અને વેફરના પેકેટોનું વિતરણ કર્યું હતું. સમાજ સેવક કિરણ રાવલના આ સેવાકીય અને સ્વતંત્રતા દિવસની ઉજવણીથી નાના બાળકો ખૂબ ખુશ થઈ ગયા હતા.

# દીવ માછીમાર કલ્યાણ મંડળ ઘોઘલા દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે સફાઈ અભિયાન




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૭**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના અંતર્ગત દીવ માછીમાર કલ્યાણ મંડળ, ઘોઘલા દ્વારા આજે ઘોઘલા દરિયા કિનારા ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.દ

ઘોઘલા માછીમારો દ્વારા મીઠાબાવા વિસ્તાર તેમજ ઘોઘલા જેટી ખાતે સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાનમાં મોટી સંખ્યામાં માછીમારો જોડાયા હતા અને દરિયા કિનારા પરથી પ્લાસ્ટિક, કાચ, માછીમારીની જાળ તથા અન્ય વેસ્ટ ચીજવસ્તુઓ એકત્રિત કરવામાં આવી હતી.

દરિયા કિનારેથી મોટા પ્રમાણમાં કચરો દૂર કરવા માટે જેસીબીની મદદ પણ લેવામાં આવી હતી. માછીમારો દ્વારા સ્વચ્છતા જાળવવા અને દરિયાઈ પર્યાવરણને સ્વચ્છ રાખવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ સફાઈ અભિયાનમાં ફિશરીઝ ઓફિસર શ્રી સુકર આંજણી સહિત માછીમાર કલ્યાણ મંડળના સભ્યો અને મોટી સંખ્યામાં માછીમારો ઉપસ્થિત રહ્યા હતા. સ્વતંત્રતા દિવસની ઉજવણી સાથે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતું આ અભિયાન યોજાયું હતું.

# દીવ ઘોઘલા ખાતે ખારવા સમાજ દ્વારા પ્રથમવાર ભવ્ય ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

**ખારવા સમાજના પટેલ રવિભાઈએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ધ્વજવંદનની શોભા વધારનાર તમામ સમાજજનો, આગેવાનો, પંચ સમાજના પટેલશ્રીઓ તથા ગ્રામજનોનો માનેલો આભાર**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૭**

દેશના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે ઘોઘલા શ્રી સમસ્ત જનરલ ખારવા સમાજ દ્વારા પ્રથમવાર ઘોઘલા પંચાયત ચોક, રામ મંદિર પાસે ભવ્ય ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઘોઘલાની પંચ સમાજની ઉપસ્થિતિમાં ખારવા સમાજના પટેલ શ્રી રવિભાઈના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સમાજના માજી પટેલો, આગેવાનો, ભાઈઓ તેમજ પંચ સમાજના પટેલશ્રીઓ સહિત ગામની જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું અને 'ભારત માતા કી જય' તથા 'વંદે માતરમ'ના નારાઓથી ઘોઘલા ગુંજી ઉઠ્યું હતું. મોટી સંખ્યામાં સમાજજનો અને ગ્રામજનોની હાજરીથી ધ્વજવંદન કાર્યક્રમની શોભામાં વધારો થયો હતો.આ પ્રસંગે ખારવા સમાજના પટેલ શ્રી રવિભાઈએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ધ્વજવંદનની શોભા વધારનાર તમામ સમાજજનો, આગેવાનો, પંચ સમાજના પટેલશ્રીઓ તથા ગ્રામજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# દીવ જિલ્લા ભાજપ દ્વારા અટલજીની ૮મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૭**





કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અને ભારત રત્ન સ્વર્ગીય શ્રી અટલ બિહારી વાજપેયીજીની ૮મી પુણ્યતિથિ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રદેશના અધ્યક્ષ શ્રી મહેશભાઈ અગરિયાના માર્ગદર્શન હેઠળ દીવ જિલ્લા ભાજપ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દીવ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મોહનભાઈ લખમણની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રભારી શ્રી જીગ્નેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્વર્ગીય શ્રી અટલ બિહારી વાજપેયીજીની કવિતાનું પઠન કરી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મોહનભાઈ લખમણે અટલજીના જીવનચરિત્ર અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાન અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં પ્રદેશના હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, જિલ્લા તથા વિવિધ મોરચાના હોદ્દેદારો તેમજ ભાજપના કાર્યકર્તા ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત સૌએ સ્વર્ગીય અટલજીની છબી પર પુષ્પ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. અટલ બિહારી વાજપેયીજીનું સાદગીપૂર્ણ વ્યક્તિત્વ, કાવ્યપ્રેમ, રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા અને રાષ્ટ્રનિર્માણમાં તેમનું અમૂલ્ય યોગદાન હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

### આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે

# નાનાપોંઢાના બાલચોંઢી ખાતે રૂ.૨.૪૩ કરોડના ખર્ચે નિર્માણ થયેલી સરકારી પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરાયું





**ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે, ખાનગી શાળામાંથી મોટી સંખ્યામાં બાળકો હવે ફરી સરકારી શાળામાં પરત ફરી રહ્યા છે, જે સરકારી શાળા પ્રત્યે વાલીઓનો વિશ્વાસ છેઃ મંત્રી નરેશભાઈ પટેલ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૭**

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકામાં આવેલા બાલચોંઢી ગામમાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વના શુભ દિવસે રૂ.૨.૪૩ કરોડના ખર્ચે નિર્માણ થયેલી અદ્યતન સુવિધાસભર સરકારી પ્રાથમિક શાળાનું રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન જે. પટેલ અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ લોકાર્પણ સમારોહ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, આ શાળાને આજે ૧૦૯ વર્ષ થયા છે. ૧૦૯ વર્ષ પહેલા જે વડીલોને શિક્ષણની જ્યોત પ્રગટાવવાનો વિચાર આવ્યો હશે તેમને હું નમન કરુ છું. વર્ષ ૧૯૫૬માં પારસી સજ્જને રૂ.૫૦૧ શાળા માટે દાન કર્યુ હોવાનું સ્થાનિક આગેવાને મંત્રીને જણાવતા મંત્રી પારસી દાતાની સખાવતને બિરદાવી જણાવ્યું કે, તે સમયે સરકારી ગ્રાંટ મળતી ન હતી, લોકો પાસે ફંડ ફાળો ઉઘરાવી શાળા શરુ કરાતી હતી. આજે સરકારે આ એક શાળાના નિર્માણ માટે રૂ.૧ કરોડ ૬૩ લાખ અને કંપાઉન્ડ વોલ સહિત અન્ય સુવિધા માટે રૂ.૮૦ લાખ ફાળવ્યા હતા, આમ કુલ રૂ. બે કરોડ ૪૩ લાખ રૂપિયા ફાળવવા એ નાનીસુની વાત નથી. બાળકો દેશનું ભવિષ્ય છે અને પ્રાથમિક શાળામાંથી તેઓને શિક્ષણ પણ મળે છે અને કેળવણી પણ મળે છે. રાજ્ય સરકારે ખાનગી સ્કૂલોને ટક્કર મારે તેવી અદ્યતન સુવિધા વાળી શાળા બનાવતા હવે ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટ્યો છે અને ખાનગી શાળામાંથી મોટી સંખ્યામાં બાળકો હવે ફરી સરકારી શાળામાં પરત ફરી રહ્યા છે, જે સરકારી શાળા પ્રત્યે વાલીઓનો વિશ્વાસ બતાવે છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, સરકાર શિક્ષણ પાછળ ખૂબ જ ધ્યાન આપી ખર્ચ કરી નાનામાં નાની સુવિધા આપી રહી છે ત્યારે મારે વિદ્યાર્થીઓને એટલુ જ કહેવાનું છે કે, મન લગાવીને ભણજો, કોઈ આડા રસ્તે ન જતા, પોતાની ઉજ્જવળ કારર્કિદી બનાવજો. આ સાથે વાલીઓએ પણ બાળકોના ભણતર પર ધ્યાન આપી મહિનામાં એક વાર શાળામાં આવી જે તે વિષયના શિક્ષકોને મળી પોતાના બાળકના અભ્યાસ અંગે માહિતી મેળવવી જોઈએ. તો શિક્ષકો સાથે આત્મીયતા પણ વધશે. શાળા મેનેજમેન્ટ કમિટીના સભ્યોએ પણ મહિનામાં એક વાર શાળામાં આવી વિદ્યાર્થીઓ અને શિક્ષકોની શું જરૂરીયાત છે તે વિશે માહિતી મેળવી પ્રયાસ કરવા જોઈએ. કોઈપણ બાળકના ભવિષ્યને બગાડવાનો કોઈને અધિકાર નથી. તમે આટલુ કરશો તો કોઈપણ બાળક ક્યારેય ખાનગી શાળામાં જશે નહી. સરકારી શાળામાં બાળકોની સંખ્યા વધી રહી છે એટલે કે, હવે ક્વોન્ટિટી (સંખ્યા) આપણી પાસે છે પરંતુ હવે આપણે ક્વોલિટી (ગુણવત્તા) ઉપર ભાર મુકવાનો છે. જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન જે. પટેલ અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.

શાળાના આચાર્ય મિતેષભાઈ પટેલે શાળાની માહિતી આપતા જણાવ્યું કે, હાલ શાળામાં બાલવાટીકાથી લઈને ધો.૮ સુધીના કુલ ૨૬૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેઓ માટે ૯ વર્ગ, કમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, રમત ગમતનું મેદાન, મધ્યાહન ભોજન શેડ, બાગ બગીચા સહિતની સુવિધા ઉપલબ્ધ છે. ૧૦ પૂરતા શિક્ષકો પણ શાળામાં ફરજ બજાવી રહ્યા છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન મણીલાલ ગાવિત, જિ.પં.ની મહિલા અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન દક્ષાબેન ચૌધરી, નાનાપોંઢા તાલુકા પંચાયતના પ્રમુખ મનિષાબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ જયેશ ગરાસિયા, ગામના સરપંચ રાજેશ પટેલ, સંગઠન મહામંત્રી વિપુલ ભોયા સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાથીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરીગામ પંચાયતમાં સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી

**શિક્ષણ ક્ષેત્રના તેજસ્વી તારલાઓ અને પૂર જેવી વિકટ સ્થિતિમાં માનવતાનું ઉત્તમ દૃષ્ટાંત પૂરૂં પાડનાર વેપારી એસોસિએશન તથા સેવાભાવી સંગઠનોને સન્માન પત્ર, સાલ અને પુષ્પગુચ્છ આપી બિરદાવાયા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૭**

સરીગામ ગ્રામ પંચાયત કચેરીના પટાંગણમાં સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સરપંચશ્રી સહદેવભાઈ વઘાતના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે પંચાયત દ્વારા હાથ ધરાયેલા વિકાસ કામોની રૂપરેખા આપી સૌનો આભાર માન્યો હતો. આ સાથે બાલાજી મંદિરના પ્રાંગણમાં હિર મનહરભાઈ લાડના હસ્તે પણ ધ્વજારોહણ સંપન્ન થયું હતું.

આ ઉજવણી દરમિયાન શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર તેજસ્વી તારલાઓ રવિ નારણભાઈ રોહિત (B.E. Mech.), ડો.દિવ્યાંગ સુરેશભાઈ સરવૈયા (MBBS), હિર મનહરભાઈ લાડ (B.Sc.) અને દિયા પંકજભાઈ ભંડારી (LLB)નું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત તાજેતરમાં ઉમરગામ તાલુકામાં ભારે વરસાદથી સર્જાયેલી પૂરની સ્થિતિમાં અવિરત સેવા આપનાર સરીગામ વેપારી વેલ્ફેર એસોસિએશન, ગરીબ નવાઝ કમિટી, શ્રી બાલાજી યુવા મિત્ર મંડળ, યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ, એક્તા મિત્ર મંડળ ટ્રસ્ટ અને જુનેરા મુસ્લિમ ખાન જેવા સંગઠનોના પ્રતિનિધિઓને શાલ ઓઢાડી તથા સન્માનપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.

આજના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી નૂતનબેન ભંડારી, તાલુકા પંચાયતના સભ્યશ્રી અરવિંદભાઈ બોબા, સરીગામ પંચાયતના ઉપસરપંચશ્રી સંજયભાઈ બાંગડા, વિવિધ સંગઠનોના હોદ્દેદારો, મહિલા અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આદર્શ બુનિયાદી શાળાના વિદ્યાર્થીઓની પરેડ આકર્ષણનું કેન્દ્ર બની હતી, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્થાનિક આગેવાન તેમજ તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતાશ્રી રાકેશભાઈ રાય દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધરમપુર નગરપાલિકા ખાતે સાંસદ ધવલભાઈ પટેલના હસ્તે રૂા.૫૩ લાખના વિકાસ કાર્યો અને સાધનોનું લોકાર્પણ સંપન્ન





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

ધરમપુર નગરપાલિકા ફાયર સ્ટેશન ખાતે નગરપાલિકા વિસ્તાર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ અને પીવાના પાણીની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી એક વિશેષ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સાંસદ સભ્ય શ્રી ધવલભાઈ પટેલના હસ્તે સાંસદ ફંડની ગ્રાન્ટમાંથી ફાળવાયેલા બે ટ્રેક્ટર સાથે પાણીના ટેન્કર અને એક ટ્રેક્ટર સાથે ટ્રેલરનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ સ્થાનિક ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ તથા સંગઠનના પદાધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત ધરમપુર નગરપાલિકાને 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' હેઠળ મળેલી ગ્રાન્ટમાંથી વસાવાયેલા આધુનિક મિની ફાયર ફાઈટરનું પણ મહાનુભાવાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેનાથી નગરમાં આગ તેમજ આપાતકાલીન પરિસ્થિતિ સામે સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનશેઃ

**સાંસદ ફંડમાંથી રૂા. ૫૩ લાખની ગ્રાન્ટ અને મોક્ષ રથની જાહેરાતઃ** આ પ્રસંગે સંબોધન કરતાં સાંસદ શ્રી ધવલભાઈ પટેલે નગરના સર્વાંગી વિકાસ અને લોકસુવિધાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી, તેમણે જણાવ્યું હતું કે ધરમપુર પાલિકાને સાંસદ ફંડમાંથી રૂા.૫૩ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને આગામી સમયમાં નગર વિકાસ માટે જરૂરિયાત મુજબ વધુ ગ્રાન્ટ ફાળવવામાં આવશે. આ સાથે તેમણે આગામી ૧૫ દિવસમાં નગરપાલિકાને અદ્યતન 'મોક્ષ રથ' ઉપલબ્ધ કરાવવાની મહત્વપૂર્ણ જાહેરાત પણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીએ નગરપાલિકાના હોદ્દેદારો સાથે ધરમપુરમાં ચાલી રહેલા પ્રગતિ હેઠળના વિકાસ કાર્યોતેમજ આગામી આયોજનો અંગે વિગતવાર સમીક્ષા અને ચર્ચા કરી હતી.

આ લોકાર્પણ પ્રસંગે ધરમપુર નગરપાલિકા પ્રમુખશ્રી મયંકભાઈ મોદી અને તેમની સમગ્ર ટીમ, ભારતીય જનતા પાર્ટી શહેર પ્રમુખ શ્રી અમિતભાઈ ચોરેરા તથા તેમની ટીમ સહિત સ્થાનિક આગેવાનો, કાઉન્સિલરો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# એકલારા સ્થિત આદર્શ કેળવણી મંડળ સંચાલિત શ્રી સાર્વજનિક વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

૧૫મી ઓગસ્ટના રોજ આદર્શ કેળવણી મંડળ સંચાલિત શ્રી સાર્વજનિક વિદ્યાલય, એકલારા ખાતે રાષ્ટ્રીય પર્વ એવા ૮૦મા સ્વાતંત્ર્ય દિનની અતિ ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રાંગણમાં યોજાયેલા આ ધ્વજવંદન કાર્યક્રમમાં શાળાના પરિવારની સાથે ગ્રામજનોએ પણ ઉત્સાહભેર ઉપસ્થિતિ નોંધાવી હતી.

**વિશેષ ઉપસ્થિતિ અને મહેમાનોઃ** આ રાષ્ટ્રીય પર્વના કાર્યક્રમમાં અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાનો રેખાબેન પ્રદિપભાઈ દેસાઈ અને બાબુભાઈ દેસાઈ તેમજ આદર્શ કેળવણી મંડળના પ્રમુખ શ્રી છોટુભાઈ વી. પટેલ, મંત્રી શ્રી વિનોદભાઈ તેમજ સદસ્યો ગોવિંદભાઈ, ફુલજીભાઈ, મગનભાઈ, નીરવભાઈ, ગ્રામીણ આગેવાનોઃ એકલારા ગામના સરપંચ અને જંબુરીના માજી સરપંચ અન્ય બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓના વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રસ્તુતિઓઃ** કાર્યક્રમની શરૂઆત ધ્વજવંદન અને રાષ્ટ્રગીતથી થઈ હતી. આર.કે.દેસાઈ કોલેજના તાલીમાર્થી દ્વારા શાળાના વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા હતા. શાળાના વાઈસ પ્રિન્સિપાલ નવીનભાઈ પટેલ દ્વારા શાળાની પ્રગતિ અને સિદ્ધિઓ દર્શાવતો વાર્ષિક ચિતાર પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

**પૂર આપત્તિના સાહસિક વિરોનું વિશેષ સન્માનઃ** ૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ ઉમરગામ તાલુકાના એકલારા ગામમાં આવેલા ગંભીર પૂરની આપત્તિ સમયે, જે યુવાનોએ પોતાના જીવની પરવા કર્યા વગર અપાર સાહસ દાખવીને ૨૨ લોકોને ઘરના છાપરા ઉપરથી જીવ બચાવ્યા હતા, તથા શાળાના હોસ્ટલના ગૃહપતિ, રસોયા, મંડળ દ્વારા ભારે વરસાદ દરમિયાન પૂરગ્રસ્ત ગામલોકો માટે ભોજન અને રહેવાની સગવડ કરી હતી.

આ તમામ સાહસિક વિરોને મંચ પર આમંત્રિત કરી મંડળના પ્રમુખ છોટુભાઈ વી. પટેલ, મંત્રી વિનોદભાઈ તરફથી રૂા.૨૧૦૦, ટ્રસ્ટી ગોવિંદભાઈ વી. પટેલ તરફથી રૂા.૫૧૦૦, ટ્રસ્ટી ફુલજીભાઈ બી.પટેલ તરફથી રૂા.૨૧૦૦ અને માજી સરપંચ અમરતભાઈ તરફથી રૂા.૩૦૦૦, વલવાડાના મુખ્ય મહેમાન રેખાબેન દેસાઈ તરફથી રૂા.૧૧૦૦, કલ્પનાબેન ગ્રા.પં એકલારના સભ્ય તરફથી રૂા.૫૦૦૦ સન્માન પત્ર આપી રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સન્માન પામનાર યુવાનોના નામ નીચે મુજબ છે (૧)વિજયભાઈ, (૨)રાહુલભાઈ, (૩)જીગ્નેશભાઈ, (૪)પંકજભાઈ, (૫)સચિનભાઈ આ યુવાનોના સાહસ અને બહાદુરીને ઉપસ્થિત તમામ લોકોએ સ્ટેન્ડિંઓવેશન અને ગગનભેદી નારાઓ સાથે વધાવી લીધી હતી.

નાનાપોંઢા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની ઉજવણીમાં આદર્શ કેળવણી મંડળ સંચાલિત સાર્વજનિક વિદ્યાલય, એકલારાની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને CSR અંતર્ગત હાથ ધરેલી લોકઉપયોગી પ્રવૃત્તિઓ બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આચાર્ય ધર્મેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ હોસ્ટેલ વિભાગના વિદ્યાર્થીઓ અનિલ અને સ્મિત દ્વારા તૈયાર કરાયેલ વિજ્ઞાન કૃતિ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ સાબિત થઈ નેશનલ કક્ષાએ નોમિનેટ થતા, જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાન અને જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજશ્રી ટંડેલ, આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલના, હસ્તે આ બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શકનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

શાળાના સદસ્ય ગવિંદભાઈના આભારવિધિ અને રાષ્ટ્રગાન તથા સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ સાથે દેશભક્તિ, સંસ્કૃતિ અને સાહસના આ અદભુત કાર્યક્રમની સફળ પૂર્ણાહુતિ થઈ.

# સલવાવ સ્થિત શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવ, વાપી ખાતે આંતરિક ગુણવત્તા ખાતરી સેલ (IQAC)ના માર્ગદર્શન હેઠળ તથા એન.એસ.એસ. સેલ (NSS)ના સંયુક્ત ઉપક્રમે તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ભારતનો ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ દેશભક્તિ, રાષ્ટ્રગૌરવ અને રાષ્ટ્રપ્રેમની ભાવના સાથે ''હર ઘર તિરંગા, હર દિલ તિરંગા'' ની થીમ અંતર્ગત ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત સંસ્થાના અધ્યક્ષસ્થાને પધારેલા પૂજ્ય દાદા સ્વામીજીના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવ્યો હતો. ધ્વજવંદન બાદ ''વંદે માતરમ્''ની રજૂઆત કરવામાં આવી હતી અને ત્યારબાદ સૌએ સમૂહમાં રાષ્ટ્રગાન રજૂ કર્યું હતું.

''હર ઘર તિરંગા, હર દિલ તિરંગા''ના સંદર્ભે NSS ના ઉત્સાહી સ્વયંસેવકો દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા, અખંડિતતા તથા રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના કેળવવાનો હતો. NSS ના વિદ્યાર્થીઓની શિસ્તબદ્ધ અને ઉત્સાહભરી રેલીને સ્થાનિક નાગરિકો તરફથી પણ સારો પ્રતિસાદ મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, NSSના સ્વયંસેવકો તથા શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેનું સંપૂર્ણ માર્ગદર્શન કોલેજના એકેડેમિક ડિરેક્ટર પ્રોફેસર ડૉ.શૈલેષ વી. લુહાર તેમજ આચાર્ય શ્રી ડો.સચિન બી. નારખેડે દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આ કાર્યક્રમનું સંચાલન NSS કો-ઓર્ડિનટર આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રીમતી ઝંકૃતિ બી. પટેલ તથા સ્પોર્ટ ઈન- ચાર્જ શ્રી પ્રિયંક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સમાપન પ્રસંગે સૌને બંધારણના આદર્શોને જાળવવા, રાષ્ટ્રધ્વજનું સન્માન કરવા અને મજબૂત, આત્મનિર્ભર તથા પ્રગતિશીલ ભારતના નિર્માણ માટે સાથે મળીને કાર્ય કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ ઉજવણી રાષ્ટ્રીય ગૌરવ અને એકતાની ભાવનાનું યાદગાર પ્રતીક બની રહી અને એ સંદેશને વધુ મજબૂત બનાવ્યો કે તિરંગો માત્ર એક ધ્વજ નથી, પરંતુ દરેક ભારતીયના સપનાઓ, બલિદાન, એકતા અને રાષ્ટ્રભાવનાનું પ્રતીક છે.

આ દેશભક્તિના કાર્યક્રમ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા તથા અન્ય ટ્રસ્ટીઓ, કેમ્પસ એકેડેમિક ડિરેક્ટર પ્રોફેસર ડૉ.શૈલેષ વી. લુહાર, કેમ્પસ એડમીન ડિરેક્ટર શ્રી હિતેન બી. ઉપાધ્યાય, આચાર્યશ્રી ડૉ.સચિન બી. નારખેડે અને તમામ સ્ટાફે સૌને અભાર વ્યક્ત કર્યો હતો.

# નાની વહીયાળ હાઈસ્કૂલના ક્લાર્કનું મહાન રક્તદાતા તરીકે સન્માન



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વોક ટુ ગેધર્સ શ્રી ઉમેદભાઈ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, નાની વહીયાળ, તા.ધરમપુરના સિનિયર ક્લાર્ક શ્રી પ્રફુલભાઈ નટુભાઈ આહિરે ૭૨મી વખત રક્તદાન કરીને ''રક્તદાન મહાદાન''ના સૂત્રને સાચા અર્થમાં સાકાર કર્યું છે.

તેમની આ ઉમદા સેવાકીય ભાવના અને સમાજ પ્રત્યેના અનન્ય યોગદાનને બિરદાવવા માટે દક્ષિણ ગુજરાત ખેરગામ વિભાગ આહીર સમાજ સાર્વજનિક મંડળ દ્વારા આયોજિત મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના આદિજાતિ, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના હસ્તે શ્રી પ્રફુલભાઈ આહિરેને સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી પ્રફુલભાઈ આહિરે વર્ષોથી નિયમિત રક્તદાન કરીને અનેક જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમનું આ કાર્ય સમાજ માટે પ્રેરણાદાયી બની રહ્યું છે અને યુવાનોને પણ રક્તદાન માટે પ્રોત્સાહિત કરે છે.

શાળાના સમગ્ર પરિવાર દ્વારા શ્રી પ્રફુલભાઈ આહિરેને આ સન્માન બદલ હર્ષ અને આનંદની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી તેમજ તેમના સેવાભાવી કાર્ય માટે હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળા પરિવારને ગર્વ છે કે તેમના સ્ટાફના સભ્યએ માનવસેવાના ક્ષેત્રમાં એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# ...તો ડિજિટલ ઈન્ડિયાની ગાડી ખડી પડશે

**પ્રા**રંભમાં મફત કે સાવ નજીવી કિંમતે સેવા-સુવિધા આપી ગ્રાહકોને આકર્ષિત કરવા અને એકવાર લોકોને તેની આદત પડી જાય એ પછી મુનસફી મુજબ ભાવવધારો કરવાની રીતરસમ મોટી કંપનીઓ અને અપનાવતી રહી છે. આવું જ કંઈક કેન્દ્ર સરકાર પણ હવે યુપીઆઈ (યુનિફાઈડ ઈન્ટરફેસ) વ્યવહારો પર શૂલ્ક નાખી કરવા માગે છે, એવી છૂપી દહેશત લોકોમાં ફેલાઈ છે. આનું કારણ એ કે, હાલમાં જ ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ૨૦૨૬ લોકસભામાં વિરોધ પક્ષોની ધમાલ વચ્ચે ધ્વનિમતથી પસાર થયો. આ વ્યાપક સુધારા ખરડાની ઘાસની ગંજીમાં સોય જેવો એક નાનકડો ચાર્જ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ -૨૦૦૭ની કલમ ૧૦એમાં સુધારો કરી ઉમેરાયો છે.

**શું છે આ સુધારો?**

આ કલમની જોગવાઈ મુજબ, યુપીઆઈના ઉપયોગ બદલ ચાર્જ વસૂલવા પર બેંક અને પેમેન્ટ કંપનીઓને મનાઈ હતી. આ સુધારાના પગલે હવે સરકાર ઈચ્છે ત્યારે ચોક્કસ પેમેન્ટ પદ્ધતિ પર અથવા નિયત મર્યાદાના વ્યવહાર પર ફી વસૂલવા માટેના નિર્દેશો આપી શકે છે. નાણાં ખાતાએ સ્પષ્ટતા કરી છે કે, યુપીઆઈ દ્વારા પેમેન્ટ કરવાથી ચાર્જ નહીં લાગે. જો કે, ₹૨૦૦૦થી વધુના મર્ચન્ટ ટ્રાન્ઝેક્શનપર નજીવી ફી વસૂલાશે એવી ચર્ચા છે. આજની તારીખમાં આ સુધારાથી ટેકનિકલી કશું જ બદલાયું નથી, પણ જે બાબત અત્યાર સુધી કાયદા દ્વારા નિઃશુલ્ક હતી, તે હવે સરકારની ઈચ્છા હશે ત્યાં સુધી જ ફ્રી રહેશે. ગત જુલાઈ મહિનામાં યુપીઆઈ દ્વારા ૨૩.૬૬ બિલિયન વ્યવહારો થયા, જેનું મૂલ્ય ₹૩૦ લાખ કરોડની આસપાસ પહોંચ્યું છે. આ ઉત્સાહજનક આંકડા એક વચનના પાયા પર ઊભા થયા છે **યુપીઆઈના ઉપયોગ પર કોઈ ચાર્જ નહીં લાગે. હજી ગયા વર્ષે જૂન મહિનામાં યુપીઆઈના ઉપયોગ પર ફીના અહેવાલોને અફવા ગણાવી નાણાં મંત્રાલયે ખાતરી આપી હતી કે, આ પાયાવિહોણી અને ગેરમાર્ગે દોરનારી વાતો છે,** પણ ૧૪ મહિના બાદ આ મંત્રાલયને એ સત્તા મળી છે, જે પોતાના હાથમાં લેવા માગતું નથી એવી બાંહેધરી આપી હતી. એક કાળે ડેબિટ તથા ક્રેડિટ કાર્ડ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) વસૂલવામાં આવતો, પણ ૨૦૨૦માં યુપીઆઈ પર એમડીઆર રદ્દ કરાતાં ડિજિટલ પેમેન્ટમાં તેજી આવી. જો કે, યુપીઆઈ સેવાના માળખાકીય તથા ટેક્નોલોજિકલ સુવિધાનો ખર્ચ બેંક તથા સેવા પ્રદાતાઓ ઉપાડે છે, સરકાર તેમને અનુદાન પેટે ચોક્કસ રકમ આપે છે. હવે, વ્યવહારની સંખ્યા વધતાં ખર્ચ પણ વધી રહ્યો છે. બેંકો દ્વારા લાંબા સમયથી આ વ્યવહારો પર ફીની માગણી થઈ રહી છે અને આરબીઆઈએ પણ આડકતરી રીતે તેને સમર્થન આપ્યું છે. હવે, કાયદામાં સુધારો કરી સરકારે આ ફીની આકારણી પોતાના હસ્તક કરી હોવાથી ચિંતા થવી સહજ છે. **સરકાર દ્વારા અપાયેલા વિશ્વાસ અને ખાતરી પર ઊભી થયેલી યુપીઆઈ સિસ્ટમને ટકાવવા માટે સૌને વિશ્વાસમાં લઈને આગળ વધવામાં જ સમજદારી છે** અન્યથા ડિજિટલ ઈન્ડિયાની ગાડી ખડી પડશે.

# શિવજીને પ્રિય બીલીપત્ર અને તેનું મહત્ત્વ







**સ્વાસ્થ્ય માટે લાભકારી એવું બીલીપત્ર**
**ત્રિદલં ત્રિગુણાકારં ત્રનેત્રં ચ ત્રિધાયુતમ્**
**ત્રિજન્મપાપસંહારં, એક બિલ્વમ્ શિર્વપણમ્ ય**

બીલીપત્ર શિવજીને ખૂબ જ પ્રિય હોવાનું મનાય છે. બીલીપત્રના ત્રણ પાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવનું પ્રતીક હોવાનું કહેવામાં આવે છે. તે ભગવાન શિવની ત્રીજી આંખનું પ્રતીક છે. તેને હિન્દુ ધર્મમાં ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે અને શિવપૂજનમાં પણ બીલીપત્રનો અવશ્ય સમાવેશ કરવામાં આવે છે.

**બીલી વૃક્ષના મૂળ, પાન, ફળ અને વૃક્ષના બધા જ ભાગ વિવિધ રોગોનાં ઉપચારમાં ઉપયોગી છે**

એ માત્ર ધાર્મિક દ્દષ્ટિએ જ નહિ, પણ આરોગ્યની દ્દષ્ટિએ પણ બીલીપત્ર ખૂબ જ ફાયદાકારક છે. આયુર્વેદ મુજબ બીલીપત્રમાં અનેક ઔષધીય ગુણો રહેલા છે. તેના ત્રણ પત્રમાં સત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણો રહેલા હોય છે. સત્વ એ પોઝિટિવ એનર્જી છે જ્યારે રજસ અને તમસ નેગેટિવ એનર્જી છે. એવું માનવામાં આવે છે કે બીલીપત્રનો મધ્યભાગ સત્વ અર્થાત્ પોઝિટિવ એનર્જીને આકર્ષે છે. જો કોઈ નેગેટિવ એનર્જીની અસરવાળી વ્યક્તિ પણ બીલીપત્રને સ્પર્શે તો તેનામાં પોઝિટિવ એનર્જી આવી જાય છે.


બીલી વૃક્ષના મૂળ, પાન, ફળ અને વૃક્ષના બધા જ ભાગ વિવિધ રોગોનાં ઉપચારમાં ઉપયોગી છે. આ પવિત્ર વૃક્ષ પેઢામાંથી લોહી નીકળતુ હોય, ડાયેરિયા, અસ્થમા, કમળો, લોહીની ઉણપ જેવા અનેક રોગોમાં ખૂબ જ મદદરૂપ છે. ડાયેરિયાની સમસ્યા હોય તો બીલીના ફળને સૂકવીને તેનુ સેવન કરવુ જોઈએ. પાઈલ્સ થયા હોય કે પછી કોઢની સમસ્યામાં પણ બીલીફળના પાવડરનું સેવન કરવુ જોઈએ. આંખ અને કાનના રોગોમાં પણ બીલીફળ ઘણું અસરકારક છે. જૂના જમાનામાં ફ્રેક્ચર થયુ હોય તો વૈદ્યો બીલીના પાવડરમાં હળદર અને ઘી મિક્સ કરીને તૂટી ગયેલા હાડકાં પર લેપ કરતા હતા. કબજિયાતની સમસ્યા નીવારવા માટે બીલીનું ફળ એ ખૂબ જ અસરકારક ઈલાજ છે. બીલીના ફળના માવામાં થોડી કાળી મરી અને મીઠું ઉમેરવાથી આંતરડામાંથી ઝેરી તત્ત્વો શરીરની બહાર ફેંકાઈ જાય છે. કબજિયાતની સમસ્યા માટે બીલીફળનું શરબત પણ લઈ શકાય છે. બીલીફળમાં એવા તત્વો હોય છે જે લોહીમાં શુગરનું પ્રમાણ કંટ્રોલમાં રાખે છે. તે પેનક્રિયાસને સક્રિય બનાવે છે અને શરીરમાં ઈન્સ્યુલિન જનરેટ કરે છે જેને કારણે ડાયાબિટિસના દર્દીની શુગર કંટ્રોલમાં રહે છે. વૈદ્યની સલાહપછી જ બીલીનો જેતે પ્રયોગ કરવો જોઈએ.

બીલીમાં એવા તત્વો છે જેમાં એન્ટિઓક્સિડન્ટ્સ રહેલા છે અને તે પેટમાં પડેલા ચાંદામાં ઘણી રાહત આપે છે. તે શરીરમાં એસિડનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત શરીરમાં વાયરલ ઈન્ફેક્શન ફેલાયુ હોય તો પણ બીલીફળ ઘણી રાહત આપે છે.

વિટામિન સીની ઉણપને કારણે ઘણા લોકોને દાંત અને પેઢામાંથી લોહી નીકળવાની સમસ્યા થતી હોય છે. બીલીફળમાં વિટામિન સી સારી માત્રામાં હોય છે. જેને કારણે તે ખાવાથી સ્કર્વી કે પેઢાદાંતમાંથી લોહી નીકળવાની સમસ્યામાંથી છૂટકારો મળે છે. લાઈફસ્ટાઈલને કારણે ઊંચો કોલેસ્ટ્રોલ એ એક સામાન્ય સમસ્યા થઈ ગઈ છે. બીલીફળમાં રહેલા તત્વો શરીરમાં રહેલા કોલેસ્ટ્રોલને કાબુમાં રાખે છે. જો પાકેલા બીલીફળમાં ઘી મિક્સ કરીને તેને ભોજન સાથે લેવામાં આવે તો હૃદયરોગનું જોખમ ઘટે છે. હૃદયરોગથી બચવા માટે વૈદ્યો વર્ષોથી આ ઉપચાર કરતા આવ્યા છે. આ ઉપરાંત તે શ્વસનતંત્રના રોગ, શરદી વગેરેમાં પણ ખૂબ જ ફાયદાકારક પુરવાર થાય છે. તેના ફળનો માવો ન્હાતા પહેલા માથામાં લગાવવામાં આવે તો શરદીથી છૂટકારો મળે છે. શરીરમાં કોઈ પણ ભાગે સોજો આવ્યો હોય તો તેના પર બીલીફળનો ગર લગાવવાથી સોજા તરત જ ઉતરી જાય છે. બીલીનું વૃક્ષ એ અત્યંત મહત્ત્વનું વૃક્ષ છે.

**- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# વૃદ્ધાશ્રમો કેમ વધતાં જાય છે?




**આ**જની યુવા પેઢી હવે તુંડમિજાજી, આઝાદ અને સ્વચ્છંદી બની ગઈ છે. તેઓ પોતાની જિંદગી અલગ રીતે જીવવા માંગે છે. આજની પેઢીને માવતર આંખમાં કણાની જેમ ખૂંચે છે. માવતર ઘરે હોય તો એમને એમની સ્વતંત્રતા અને આઝાદી છીનવાઈ જતી હોય એવું લાગે છે. હવેની પેઢીને સવારે મોડું ઊંઠવુ ને રાતે મોડા સુધી જાગવું અને ઘરે જમવાની માથાકૂટમાં પડ્યા વગર બહારનું ફાસ્ટ ફૂડ જમી લેવું અને મોબાઈલની દુનિયામાં રચ્યાપચ્યા રહેવું ગમે છે. પોતાના માવતર ઘરે હોય તો છોકરાઓ તથા પુત્રાવધૂઓ મનમાની કરી શકતાં નથી, કારણકે વડીલો દરેક બાબતમાં સંતાનોને ટોકે છે. આ ઉપરાંત હવે પતિ પત્ની બંને નાની મોટી નોકરી કરતાં હોય છે એથી માવતરનો પૂરેપૂરો ખ્યાલ રાખી શકતાં નથી. બીજું સંતાનોને માવતર પ્રત્યેની લાગણી પણ ધીમેધીમે ઓછી થવા લાગી છે.

અગાઉના વખતમાં એક માવતર પોતાનાં છથી આઠ દીકરા દીકરીઓનો સારી રીતે ઉછેર કરતાં હતાં, જ્યારે અત્યારે ચાર દીકરાઓ પણ એક માવતરને સારી રીતે સાચવી શકતાં નથી અને માવતરને રાખવાનાં વારા નક્કી કરે છે અથવા તો વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. એ તો ઠીક જ્યારે પોતાની માતા કે પિતા વૃદ્ધાશ્રમમાં અંતિમ શ્વાસ લે છે ત્યારે એમનો મૃતદેહ પણ લેવાં આવતાં નથી કે અંતિમ ક્રિયામાં પણ હાજરી આપતાં નથી. આ કળિયુગની વાસ્તવિકતા છે. માટે આજના બદલાયેલાં સમાજમાં ઘરડાં ઘરો તથા વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે.

**યોગેશભાઈ આર જોશી**
**હાલોલ, મો.નં:૯૮૭૯૦૫૬૬૩૬**

## રાહુલ ગાંધીએ હેમંત સોરેનને લખ્યો પત્ર

# પ્રદર્શનકારીઓને જાતે મળો, તેમના પ્રશ્નોનું સમાધાન કરો

**રાહુલ ગાંધીએ કહ્યું કે શાંતિપૂર્ણ વિરોધ એ લોકોનો અધિકાર છે અને લોકશાહીનો એક ભાગ છે, ઝારખંડના વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા છે અને તેમની માંગણીઓ પર ધ્યાન આપવું જોઈએ**





(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

ઝારખંડમાં વિદ્યાર્થીઓ JPSC પેપર લીકનો વિરોધ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની ભૂખ હડતાળ વચ્ચે ઝારખંડ સરકારમાં સહયોગી કોંગ્રેસ પાર્ટી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી હવે એક્ટિવ થઈ ગયા છે. તેમણે આ મુદ્દે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને પત્ર લખ્યો છે. સીએમ સોરેનને લખેલા પત્રમાં રાહુલ ગાંધીએ સલાહ આપી હતી કે તેઓ વ્યક્તિગત રીતે પ્રદર્શનકારીઓને મળે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવે.

તેમણે સૂચન કર્યું છે કે તેઓ પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરે જેથી ઝારખંડ સરકારની તેમની ચિંતાઓને દૂર કરવાની પ્રતિબદ્ધતાને મજબૂત કરી શકાય.

ઝારખંડમાં વિદ્યાર્થીઓ JPSC પેપર લીકનો વિરોધ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની ભૂખ હડતાળ વચ્ચે ઝારખંડ સરકારમાં સહયોગી કોંગ્રેસ પાર્ટી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી હવે એક્ટિવ થઈ ગયા છે. તેમણે આ મુદ્દે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને પત્ર લખ્યો છે. સીએમ સોરેનને લખેલા પત્રમાં રાહુલ ગાંધીએ સલાહ આપી હતી કે તેઓ વ્યક્તિગત રીતે પ્રદર્શનકારીઓને મળે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવે.

તેમણે સૂચન કર્યું છે કે તેઓ પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરે જેથી ઝારખંડ સરકારની તેમની ચિંતાઓને દૂર કરવાની પ્રતિબદ્ધતાને મજબૂત કરી શકાય.

નોંધનીય છે કે ઝારખંડમાં વિદ્યાર્થીઓ છેલ્લા ૨૪ દિવસથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તેઓ ભરતી પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓને દૂર કરવાની માંગ કરી રહ્યા છે. સરકાર અને વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા થઈ છે, પરંતુ હજુસુધી કોઈ ઉકેલ આવ્યો નથી. કેટલાક વિદ્યાર્થીઓ હજુ પણ ભૂખ હડતાળ પર છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે શાંતિપૂર્ણ વિરોધ એ લોકોનો અધિકાર છે અને લોકશાહીનો એક ભાગ છે. તેમણે કહ્યું કે ઝારખંડના વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા છે અને તેમની માંગણીઓ પર ધ્યાન આપવું જોઈએ. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે સરકારે વિદ્યાર્થીઓ સાથે વાત કરવા માટે એક સમિતિની રચના કરી છે અને અનેક માંગણીઓ પર ચર્ચા થઈ છે. આમ છતાં વિરોધ ચાલુ રહે છે. રાહુલ ગાંધીએ મુખ્યમંત્રીને વિદ્યાર્થી પ્રતિનિધિઓ સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરવા કહ્યું છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રીની મુલાકાત વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ આપશે અને તેમની બાકીની માંગણીઓ ઉકેલવામાં મદદ કરશે. રાહુલ ગાંધીએ કહ્યુ કે દેશના યુવાનો તેનું ભવિષ્ય છે અને આવા સમયમાં તેમની સાથે ઉભા રહેવું મહત્વપૂર્ણ છે. તેમણે મુખ્યમંત્રીને વિદ્યાર્થીઓની વાત સાંભળવા અને તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવા અપીલ કરી હતી. ભરતી પરીક્ષામાં સુધારા અને તેમની માંગણીઓ માટે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ સ્વતંત્રતા દિવસે તિરંગા યાત્રા પણ કાઢી હતી. વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે તેમની માંગણીઓ ઉઠાવી હતી. હવે રાહુલ ગાંધીના પત્ર પછી વિદ્યાર્થીઓ અને સરકાર વચ્ચે વાતચીતની આશા વધી છે. વિદ્યાર્થીઓની મુખ્ય માંગણીઓ ભરતી પરીક્ષા પ્રક્રિયામાં સુધારા અને કથિત અનિયમિતતાઓનો ઉકેલ છે.

## ૨૪ જ કલાકમાં હજારો લોકો જોડાયા

# વડાપ્રધાન મોદીના નિવેદનના વિરોધમાં ઈન્સ્ટાગ્રામ પર બની દિમાગી નક્સલ પાર્ટી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭** ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણમાં વપરાયેલા એક શબ્દે સોશિયલ મીડિયા પર ભારે હલચલ મચાવી દીધી છે. વડાપ્રધાને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, જંગલોમાં હથિયાર ઉઠાવનારા નક્સલીઓ સામે દેશે મોટી સફળતા મેળવી છે, પરંતુ હજુ પણ એવા દિમાગી નક્સલી મોજૂદ છે જે વિચારધારા દ્વારા દેશમાં અશાંતિ ફેલાવવાની તક શોધી રહ્યા છે. આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર રાજકીય ચર્ચા અને વ્યંગ શરૂ થઈ ગયો. આ દરમિયાન ઈન્સ્ટાગ્રામ (Instagram) પર દિમાગી નક્સલ પાર્ટી Dimagi Naxal Party નામનું એક નવું પેજ સામે આવ્યું છે. પેજ લાઈવ થયાના ૨૪ કલાકની અંદર જ આ હેન્ડલ પર ૧.૮ લાખથી વધુ ફોલોઅર્સ જોડાઈ ચૂક્યા છે.



અગાઉ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા દ્વારા કથિત રીતે યુવાનોની સરખામણી કોકરોચ સાથે કરાયા બાદ કોકરોચ જનતા પાર્ટી (Cockroach Janta Party, CJP) નામે હેન્ડલ શરૂ થયું હતું, જેણે ૧૦ દિવસમાં ૨૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ મેળવ્યા હતા. તેવી જ રીતે હવે વડાપ્રધાનના નિવેદન બાદ આ નવું પેજ વાયરલ થઈ રહ્યું છે

**ઝડપી લોકપ્રિયતા:** ઈન્સ્ટાગ્રામ ઉપરાંત X (ટ્વિટર) અને ફેસબુક પર પણ આ નામના અનેક પેજ બની રહ્યા છે.

**અજ્ઞાત નિર્માતા:** CJPના કિસ્સામાં અભિજિત દીપકેએ સામે આવીને જવાબદારી લીધી હતી, પરંતુ આ પેજ કોણે બનાવ્યું છે, તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી.

**સોશિયલ મીડિયા મેસેજ:** રેડીટ (Reddit) પર થઈ રહેલી ચર્ચા મુજબ આ પેજનો મેસેજ Think >Research>Resist દર્શાવવામાં આવ્યો છે, અને તેને એક રાજકીય કટાક્ષ (Satire) તરીકે જોવામાં આવી રહ્યો છે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૫ ઓગસ્ટના ભાષણમાં દિમાગી નક્સલી શબ્દના ઉલ્લેખ બાદ સોશિયલ મીડિયા પર ખળભળાટ**

## વિદેશી રોકાણકારો ફરી એક્ટિવ!

# ભારતીય શેરોમાં સતત બીજા મહિને મોટું રોકાણ

**જુલાઈ બાદ ઓગસ્ટ મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં પણ FPIએ રૂપિયા ૧૬,૬૨૧ કરોડનું રોકાણ કર્યું છે**


(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

ભારતીય શેરબજાર પ્રત્યે વિદેશી રોકાણકારો (FPI)નો વિશ્વાસ ફરી મજબૂત બનતો જોવા મળી રહ્યો છે. સતત ચાર મહિના સુધી થયેલી ભારે વેચવાલી બાદ હવે જુલાઈ અને ઓગસ્ટમાં વિદેશી રોકાણકારોએ જોરદાર ખરીદી કરી છે. ઓગસ્ટના પ્રથમ ૧૫ દિવસમાં જ FPIએ ભારતીય ઈક્વિટીમાં રૂ.૧૬,૬૨૧ કરોડનું રોકાણ કર્યું છે. તે પહેલાં જુલાઈમાં પણ આશરે રૂ.૨૦,૨૦૦ કરોડની નેટ ખરીદી નોંધાઈ હતી.

જુલાઈ અને ઓગસ્ટની ખરીદીથી બજારમાં સકારાત્મક માહોલ બન્યો છે, પરંતુ સમગ્ર વર્ષ ૨૦૨૬ના આંકડા જોઈએ તો વિદેશી રોકાણકારો હજુ પણ નેટ સેલર છે.

માર્ચમાં FPIએ આશરે રૂ.૧.૧૭ લાખ કરોડની સૌથી મોટી ઉપાડ કરી હતી. ત્યારબાદ એપ્રિલમાં રૂ.૬૦,૮૪૭ કરોડ, મેમાં રૂ.૩૨,૯૬૩ કરોડ અને જૂનમાં રૂ.૪૯,૩૪૦ કરોડની વેચવાલી નોંધાઈ હતી. ફેબ્રુઆરીમાં માત્ર રૂ.૨૨,૬૧૫ કરોડનું રોકાણ આવ્યું હતું. પરિણામે ૨૦૨૬માં અત્યાર સુધી કુલ નેટ ઉપાડ આશરે રૂ.૨.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે, જે સમગ્ર ૨૦૨૫ની લગભગ રૂ.૧.૬૬ લાખ કરોડની વેચવાલી કરતાં પણ વધુ છે.



બજાર નિષ્ણાતોના મતે ભારત પ્રત્યે વધતા વિશ્વાસ પાછળ અનેક મહત્વના પરિબળો જવાબદાર છે, જેમકે ભારતીય શેરોનું આકર્ષક વેલ્યુએશન, કંપનીઓના મજબૂત ત્રિમાસિક પરિણામો, અમેરિકામાં વ્યાજદર ઘટાડાની સંભાવના, કાચા તેલના નરમ ભાવ અને રૂપિયાની તુલનાત્મક સ્થિરતાનો સમાવેશ થાય છે. વલ્લમ કેપિટલના CEO અને પોર્ટફોલિયો મેનેજર મનીષ ભંડારીના જણાવ્યા અનુસાર, મજબૂત કોર્પોરેટ કમાણી અને અનુકૂળ વૈશ્વિક પરિસ્થિતિ ભારતને વિદેશી રોકાણ માટે વધુ આકર્ષક બજાર બનાવે છે.

માર્કેટ એનાલિસ્ટ્સનું માનવું છે કે દક્ષિણ કોરિયા અને તાઈવાનના AI તથા ટેક્નોલોજી શેરોમાં ભારે તેજી બાદ ઘણા વૈશ્વિક રોકાણકારો હવે પોતાના પોર્ટફોલિયોમાં સંતુલન લાવી રહ્યા છે. ઊંચા વેલ્યુએશનને કારણે કેટલાક ફંડોએ ત્યાંથી નફો બુક કરીને ભારત જેવા ઉભરતા બજારોમાં મૂડી ખસેડવાની શરૂઆત કરી છે.

ટ્રેકના કો-ફાઉન્ડર અને CEO વેદાંત ગુપ્તેના જણાવ્યા પ્રમાણે, ઓગસ્ટમાં FPIની વાપસી એ સંકેત આપે છે કે અગાઉની વેચવાલી માત્ર ભારતને લઈને ચિંતાના કારણે નહોતી, પરંતુ તેમાં વૈશ્વિક આર્થિક પરિસ્થિતિની પણ મોટી ભૂમિકા હતી. આવનારા મહિનાઓમાં વિદેશી રોકાણકારોનું વલણ મુખ્યત્વે વૈશ્વિક આર્થિક સંકેતો પર આધારિત રહેશે.

યુએસ બોન્ડ યીલ્ડ, ડોલર ઈન્ડેક્સ, ક્રૂડ ઓઈલના ભાવ અને કોર્પોરેટ કમાણીના સુધારા જેવા પરિબળો FPI પ્રવાહની દિશા નક્કી કરી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે હાલની ખરીદી ચોક્કસપણે સકારાત્મક સંકેત છે, પરંતુ વર્ષ દરમિયાન થયેલી ભારે વેચવાલીને ધ્યાનમાં લેતા FPIના વલણમાં કાયમી ફેરફાર થયો છે એવું કહેવું હજુ વહેલું ગણાશે. આગામી મહિનાઓમાં વૈશ્વિક બજારની સ્થિતિ જ આ ઘર વાપસી કેટલી મજબૂત છે તે નક્કી કરશે.

# ઉજ્જૈનના નાગચંદ્રેશ્વર મંદિરમાં નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ

## મંદિર સંકુલની નજીક હરસિદ્ધિ મંદિરની સામે બેરિકેડેડ વિસ્તારમાં ભીડનું દબાણ વધી ગયું, જેના કારણે ભાગદોડ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઉજ્જૈન, તા.૧૭**

શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે, મોટી સંખ્યામાં ભક્તો ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં દર્શન માટે પહોંચ્યા હતા. નાગચંદ્રેશ્વર મંદિરના દર્શન માટે પણ મોટી ભીડ એકઠી થઈ હતી, જે વર્ષમાં ફક્ત એક જ વાર ખુલે છે.

આ દરમિયાન, મંદિર સંકુલની નજીક હરસિદ્ધિ મંદિરની સામે બેરિકેડેડ વિસ્તારમાં અચાનક ભીડનું દબાણ વધી ગયું, જેના કારણે ભાગદોડ જેવી પરિસ્થિતિ સર્જાઈ. મંદિર વ્યવસ્થાપન સમિતિએ કેટલાક મીડિયા અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મંદિરમાં અરાજકતા અને અવ્યવસ્થા અંગેના અહેવાલોને ભ્રામક ગણાવ્યા છે.

ભીડના દબાણને કારણે ઘણા ભક્તો બીમાર પડ્યા. કેટલાક લોકો પડી ગયા અને બેભાન થઈ ગયા હોવાના અહેવાલો છે. ઘટનાસ્થળે હાજર સુરક્ષા કર્મચારીઓ અને પરિવારના સભ્યોએ ભીડમાંથી ભક્તોને બચાવ્યા. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિક અહેવાલો અનુસાર, આ ઘટનામાં ૧૩ જેટલા ભક્તો ઘાયલ થયા હતા.

શ્રાવણના ત્રીજા સોમવારે, નાગચંદ્રેશ્વર મંદિરમાં ભગવાન મહાકાલના વિશેષ દર્શન માટે સવારથી જ મંદિર વિસ્તારમાં મોટી ભીડ એકઠી થઈ હતી. અહેવાલો અનુસાર, અંદાજે ૫૫૦૦૦૦ ભક્તો મંદિરમાં આવી ચૂક્યા છે. નાગચંદ્રેશ્વર મંદિરના દરવાજા વર્ષમાં ફક્ત એક જ વાર ખુલે છે, તેથી મોટી સંખ્યામાં ભક્તો ઉજ્જૈનમાં દર્શન માટે આવે છે. મંદિર સમિતિએ આ અહેવાલોને નકારી કાઢ્યા છે અને ભક્તોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. સમિતિના જણાવ્યા અનુસાર, નાગપંચમી, શ્રાવણ સોમવાર અને ભગવાન મહાકાલેશ્વરની શોભાયાત્રા એક જ દિવસે હોવાથી ભક્તોની સંખ્યા ખૂબ વધારે હતી.

અત્યાર સુધીમાં અંદાજે ૬૧૯૦૦૦ ભક્તો દર્શન કરી ચૂક્યા છે. વિવિધ માર્ગો પર લાંબી કતારો હોવા છતાં, ભક્તોની સલામતી અને સરળ દર્શન માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. સમિતિએ ભક્તોને ફક્ત સત્તાવાર માહિતી પર આધાર રાખવા અને ભ્રામક કે અપ્રમાણિત સમાચાર શેર ન કરવા અપીલ કરી છે.

### ભાજપ સંગઠનમાં ધરખમ ફેરફાર : સ્મૃતિ ઈરાનીની એન્ટ્રી

# ભાજપ અધ્યક્ષ નીતિન નવીને તેમની નવી ટીમની જાહેરાત કરી

## નવી સંગઠન ટીમમાં ભાજપે ૧૩ ઉપાધ્યક્ષ, ૮ રાષ્ટ્રીય મહામંત્રી અને ૧૬ રાષ્ટ્રીય મંત્રી/સચિવ બનાવ્યા છે: વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ બનાવાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

ભાજપના અધ્યક્ષ નીતિન નવીને નવી ટીમની જાહેરાત કરી દીધી છે. સ્મૃતિ ઈરાનીને મહા સચિવ અને વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ઉપાધ્યક્ષ, મહા સચિવ, સચિવ અને પ્રવક્તાઓ (સ્પોક્સપર્સન)ની યાદીમાં યુવાનો અને મહિલાઓની સાથે જાતિ સમીકરણોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ભાજપે નવી ટીમમાં ઉત્તર પ્રદેશના અનેક નેતાઓને સામેલ કર્યા છે. અહીં આગામી વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. નવી સંગઠન ટીમમાં ભાજપે ૧૩ ઉપાધ્યક્ષ, ૮ રાષ્ટ્રીય મહામંત્રી અને ૧૬ રાષ્ટ્રીય મંત્રી/સચિવ બનાવ્યા છે.

૭ મહિના પછી નિતિન નબીનની નવી ટીમની જાહેરાત થઈ ગઈ છે. વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. નિતિન નબીનની નવી ટીમમાં ૮ મહાસચિવ બનાવવામાં આવ્યા છે. અનિલ બલૂની પહેલાની જેમ જ મીડિયા ઈંચાર્જ પદ પર યથાવત રહેશે. આવી જ રીતે બી.એલ. સંતોષ પાસે પણ સંગઠન મહાસચિવનું પદ પહેલાની જેમ યથાવત રહેશે. જ્યારે આઈટી સેલ હેડ અમિત માલવિયા હટાવી દેવામાં આવ્યા છે. તેઓ લાંબા સમયથી ભાજપ સંગઠનમાં આઈટી સેલના હેડ હતા. માલવિયાની જગ્યાએ દીપક સહસ્કેને સોશિયલ મીડિયાના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

નિતિન નબીનની નવી ટીમમાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને પણ સ્થાન મળ્યું છે. તેમને રાજેશ અગ્રવાલની જગ્યાએ કોષાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજેશ મંગલને સહ-કોષાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. તરુણ ચુગને મુખ્યાલય પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. જે.પી. નડ્ડાની ટીમમાં મહાસચિવ પદ પર કાર્યરત અરુણ સિંહ, દુષ્યંત ગૌતમ, તરુણ ચુગ અને રાધામોહનદાસ અગ્રવાલની બાદબાકી થઈ છે, આવી જ રીતે સંગઠનમાં સચિવ પદ પર કાર્યરત અરવિંદ મેનન, પંકજા મુંડે, નરેન્દ્ર સિંહ, અલકા ગુર્જર, ઓમપ્રકાશ ધુર્વે, રિતુરાજ સિંહા, કામાખ્યા પ્રસાદ તાસા, સુરેન્દ્ર નાગર તેમજ નડ્ડાની ટીમમાં ઉપાધ્યક્ષ રહેલા સરોજ પાંડે, ડી.કે. અરૂણા, એમ. ચુબારાવ, અબ્દુલ્લા કુંટીને પણ નવી ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી.

નિતિન નબીનની નવી રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતનું વર્ચસ્વ અને સંગઠનાત્મક મહત્વ સ્પષ્ટપણે ઉભરી આવ્યું છે. પક્ષે અનુભવ અને યુવા ઉર્જાના યોગ્ય સંતુલન પર પસંદગી ઉતારીને રાજ્યના ચાર અગ્રણી ચહેરાઓને રાષ્ટ્રીય સ્તરે મોટી જવાબદારીઓ સોંપી છે. જેમાં વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જેવું ઉચ્ચ પદ આપી મહિલા નેતૃત્વને મજબૂત મંચ પૂરો પાડવામાં આવ્યો છે, જ્યારે જગદીશ ઈશ્વરભાઈ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય સચિવ તરીકે કેન્દ્રીય સંગઠનની કામગીરી વધારવાની તક મળી છે. આ ઉપરાંત, યુવા નેતા હેમાંગ જોશીને યુવા મોરચાના રાષ્ટ્રીય પ્રમુખ બનાવીને ભાજપે દેશભરના યુવાનોને જોડવાની મહત્વપૂર્ણ કમાન ગુજરાતના હાથમાં સોંપી છે.

ભાજપમાં સંગઠન મંત્રીની પરંપરા છે અને તેઓ સામાન્ય રીતે RSS પૃષ્ઠભૂમિના હોય છે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અત્યાર સુધી સંગઠન મહામંત્રી રહેલા બી. એલ. સંતોષ યથાવત છે. આ ઉપરાંત બે સહ-સંગઠન મહામંત્રી જળવાઈ રહ્યા છે. તેમાં શિવપ્રકાશ અને સૌદાન સિંહ સામેલ છે. શિવપ્રકાશ ભાજપમાં આવ્યા પહેલા RSSમાં હતા અને પ્રાંત તથા ક્ષેત્ર પ્રચારક જેવી મહત્વની જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે. તેઓ ઉત્તર પ્રદેશના મુરાદાબાદના રહેવાસી છે.

**ગુજરાત :** વર્ષાબહેન નરેન્દ્ર દોશી– રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, જગદીશ ઈશ્વર પટેલ– રાષ્ટ્રીય સચિવ, રોહન ગુપ્તા– રાષ્ટ્રીય સચિવ, હેમાંગ જોશી– યુવા મોરચા પ્રમુખ.

**ઉત્તર પ્રદેશ :** રેખા વર્મા– રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, તારિક મંસૂર– રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, સ્મૃતિ ઈરાની– રાષ્ટ્રીય મહા સચિવ, હરીશ દ્વિવેદી– રાષ્ટ્રીય મહા સચિવ, ભોલા સિંહ– રાષ્ટ્રીય સચિવ, સંગીતા યાદવ–રાષ્ટ્રીય સચિવ, અમરપાલ મૌર્ય–OBC મોરચા પ્રમુખ, કુંવર બાસિત અલી– લઘુમતી (માઈનોરિટી) મોરચા પ્રમુખ.

**દિલ્હી :** રામ માધવ–રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, બી.એલ. સંતોષ–રાષ્ટ્રીય સંગઠન મહા સચિવ, સુનીલ બંસલ– રાષ્ટ્રીય મહા સચિવ, સંદીપ પાઠક– રાષ્ટ્રીય સચિવ, સ્વદેશ સિંહ– રાષ્ટ્રીય સચિવ, જય પ્રકાશ– રાષ્ટ્રીય સચિવ, રાજીવ બબ્બર– નોર્થ-ઈસ્ટ સહ-સંયોજક, પ્રદીપ ભંડારી–મીડિયા સહ-સંયોજક, સિદ્ધાર્થ યાદવ– મીડિયા સહ-સંયોજક, શિવાનંદ દ્વિવેદી–સોશિયલ મીડિયા સહ-સંયોજક.

**મહારાષ્ટ્ર :** ભારતી પ્રવીણ પવાર – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, વિનોદ તાવડે – રાષ્ટ્રીય મહા સચિવ, શિવપ્રકાશ – રાષ્ટ્રીય સહ-સંગઠન મહા સચિવ (મુંબઈ), પીયૂષ ગોયલ– રાષ્ટ્રીય ખજાનચી, પ્રીતિ ગાંધી–સોશિયલ મીડિયા સહ-સંયોજક.

**રાજસ્થાન :** વસુંધરા રાજે સિંધિયા – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, સતીશ પૂનિયા – રાષ્ટ્રીય મહા સચિવ, રાજેશ મંગલ – રાષ્ટ્રીય સહ-ખજાનચી, મન્નાલાલ રાવત– ST મોરચા પ્રમુખ.

**મધ્ય પ્રદેશ :** લાલસિંહ આર્ય–રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, ગજેન્દ્ર પટેલ – રાષ્ટ્રીય મહા સચિવ, કવિતા પાટીદાર – રાષ્ટ્રીય સચિવ, વિષ્ણુ દત્ત શર્મા –ઓલ સેલ્સ કોઓર્ડિનેટર, બંસીલાલ ગુર્જર – કિસાન મોરચા પ્રમુખ, આશિષ ઉષા અગ્રવાલ –મીડિયા સહ-સંયોજક.

**ઉત્તરાખંડ :** તીરથ સિંહ રાવત – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, મહેન્દ્ર પાંડે – કેન્દ્રીય કાર્યાલય સચિવ, અનિલ બલૂની–મીડિયા સંયોજક, આલોક ભટ્ટ–સોશિયલ મીડિયા સહ-સંયોજક.

**બિહાર :** સિદ્ધાર્થ શંભુ– રાષ્ટ્રીય સચિવ, ઋતુરાજ સિન્હા– ઓલ સેલ્સ સહ-કોઓર્ડિનેટર, શિવેશ કુમાર રામ– SC મોરચા પ્રમુખ.

**ઓડિશા :** બૈજયંત જય પાંડા–રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, સંબિત પાત્રા – નોર્થ-ઈસ્ટ સંયોજક.

**આંધ્રપ્રદેશ :** ડી. પુરંદેશ્વરી– રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, વિષ્ણુ વર્ધન રેડ્ડી – ઓલ સેલ્સ સહ-કોઓર્ડિનેટર.

**પંજાબ :** મનપ્રીત સિંહ બાદલ – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, તરુણ ચુગ – કેન્દ્રીય કાર્યાલય પ્રભારી.

**કેરળ :** કે. સુરેન્દ્રન –રાષ્ટ્રીય સચિવ, અનિલ એન્ટોની– રાષ્ટ્રીય સચિવ.

**છત્તીસગઢ :** રૂપ કુમારી ચૌધરી –મહિલા મોરચા પ્રમુખ, દીપક મ્હાસ્કે –સોશિયલ મીડિયા સંયોજક.

**હરિયાણા :** સંજય ભાટિયા– રાષ્ટ્રીય મહા સચિવ, અરુણ યાદવ– સોશિયલ મીડિયા સહ-સંયોજક.

**પશ્ચિમ બંગાળ :** મધુચંદ્રા કર– રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, મનોજ તિગ્ગા – રાષ્ટ્રીય સચિવ.

**કર્ણાટક :** એમ. નાગરાજ– રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ.

**ત્રિપુરા :** બિપ્લબ કુમાર દેવ– રાષ્ટ્રીય મહા સચિવ.

**ચંદીગઢ :** સૌદાન સિંહ– રાષ્ટ્રીય સહ-સંગઠન મહા સચિવ.

**ઝારખંડ :** પ્રદીપ વર્મા– રાષ્ટ્રીય સચિવ.

**નાગાલેન્ડ :** ફાંગનોન કોન્યાક – રાષ્ટ્રીય સચિવ.

**તમિલનાડુ :** એમ. વેંકટેશન– રાષ્ટ્રીય સચિવ.

**અસમ :** મૃગાંક દેવ બર્મન– રાષ્ટ્રીય સચિવ.

આખી ટીમનું વિશ્લેષણ કરીએ તો સ્પષ્ટ થાય છે કે, ઉપપ્રમુખો, મહામંત્રીઓ, સચિવો અને પ્રવક્તાઓની આ યાદી ખૂબ જ કાળજીપૂર્વક તૈયાર કરાઈ છે. તેમાં યુવાનો અને મહિલાઓને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, સાથે જ જ્ઞાતિ અને જાતિના સમીકરણોને પણ સરભર કરવાનો પ્રયાસ થયો છે. આવતા વર્ષની શરૂઆતમાં ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી, ભાજપે પોતાની આ નવી ટીમમાં UPના નેતાઓને વિશેષ મહત્વ આપ્યું છે.

# અમરાવતીની શાળામાં અચાનક હસવા-રડવા લાગી છોકરીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

અમરાવતી જિલ્લાના મેલઘાટ વિસ્તારમાંથી અંધશ્રદ્ધા અને ભયનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ધારણી તાલુકાના ડોમામાં આદિવાસી આશ્રમ શાળામાં ભૂત હોવાની અફવાઓ એટલી ફેલાઈ ગઈ કે અંદાજે ૬૦૮ વિદ્યાર્થીઓ ડરના માર્યા શાળા અને છાત્રાલય છોડીને પોતાના ઘરે પાછા ફર્યા.

આરોગ્ય એક્સપર્ટએ સ્પષ્ટતા કરી છે કે આ ભૂતપ્રેતનો કેસ નથી, પરંતુ સામૂહિક ઉન્માદનો માનસિક કેસ છે. આ ઘટનાને ગંભીરતાથી લેતા, મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ (ANIS) અને આરોગ્ય વિભાગની ટીમો છેલ્લા ત્રણ દિવસથી મેલઘાટમાં કેમ્પિંગ કરી રહી છે. ભય દૂર કરવા અને વિદ્યાર્થીઓને શાળાએ પાછા લાવવા માટે યુદ્ધના ધોરણે કાઉન્સેલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

મેલઘાટની આશ્રમ શાળાઓમાં સમસ્યાઓ સતત ચાલુ છે. તાજેતરમાં એક શાળામાં ફૂડ પોઈઝનિંગનો એક કેસ નોંધાયો હતો, અને હવે ડોમાની આદિવાસી આશ્રમ શાળામાં અંધશ્રદ્ધા ફેલાઈ ગઈ છે. લગભગ સાતથી આઠ દિવસ પહેલા, છાત્રાલયમાં રહેતી ૧૫ થી ૧૬ વિદ્યાર્થીનીઓ અચાનક જોરથી હસવા અને રડવા લાગી. કેટલાક લોકોએ દાવો કર્યો કે તેઓ પાયલના રણકારનો અવાજ સાંભળી શકે છે.

જ્યારે છાત્રાલયના અધિક્ષક ઉજ્જવલા ઇંગલેને આ વાતની જાણ થઈ, ત્યારે તેમણે તરત જ મુખ્ય શિક્ષકને જાણ કરી. જોકે, બીજા જ દિવસે ગામમાં અફવાઓ ફેલાઈ ગઈ કે છોકરીઓમાં ભૂત છે. આ અફવાએ એવો ગભરાટ ફેલાવ્યો કે ૩૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ છાત્રાલય છોડીને પોતાના ગામોમાં ભાગી ગઈ, જેમાંથી મોટાભાગની એકતાઈ ગામની હતી.

પરિસ્થિતિની ગંભીરતાને ઓળખીને, આરોગ્ય વિભાગની એક ટીમ તાત્કાલિક શાળામાં પહોંચી. તબીબી તપાસ પછી, ડોકટરોએ પુષ્ટિ આપી કે તે ભૂત કે શૈતાની કબજો નથી, પરંતુ સામૂહિક માનસિક બીમારીનું એક સ્વરૂપ છે, એક પ્રકારની માનસિક સ્થિતિ જેનો સંપૂર્ણપણે ઉપચાર કરી શકાય છે. ડોકટરો કહે છે કે દુનિયામાં ભૂત જેવી કોઈ વસ્તુ નથી, તે સંપૂર્ણપણે એક અફવા અને અંધશ્રદ્ધા છે.

બાળકોના શિક્ષણ પર કોઈ અસર ન પડે તે માટે, મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા વિરોધી સમિતિ (ANIS)ના કાર્યકરો મેદાનમાં ઉતર્યા છે. ANISના વરિષ્ઠ સભ્યો નંદિની જાધવ (પુણે), રામભાઉ ડોંગરે (નાગપુર), પ્રવીણ દેશમુખ (મુંબઈ) અને જિલ્લા પ્રમુખ હરીશ કેદારના નેતૃત્વ હેઠળ, કાર્યકરો છેલ્લા ત્રણ દિવસથી મેલઘાટના દૂરના વિસ્તારોમાં પહોંચી રહ્યા છે.

ભારે વરસાદ અને ખરાબ રસ્તાઓ છતાં, સમિતિના સભ્યો પંચડોંગરી, ખાડીમલ, ચુંખારી અને એકતાઈ જેવા ગામોમાં વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરી રહ્યા છે. સકારાત્મક પરિણામો આવી રહ્યા છે. કાઉન્સેલિંગ મેળવનાર એકતાઈ ગામની ૬ છોકરીઓ હવે શાળાએ પાછા ફરવા માટે તૈયાર છે. ખાડીમલમાં પણ, વિદ્યાર્થીઓ સાથે તેમના ડરને દૂર કરવા માટે ચર્ચાઓ થઈ રહી છે. સમિતિ અને શાળા વહીવટીતંત્ર સંયુક્ત રીતે બાળકોને ડર્યા વિના શાળાએ પાછા ફરવા અને તેમનું શિક્ષણ પૂર્ણ કરવા માટે અપીલ કરી રહ્યા છે.

# NTA ફરી વિવાદોના ઘેરામાં NEET બાદ UGC-NET પરીક્ષામાં ગરબડ, ૩ વિષયોના પેપર રદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

NEET પેપર લીક વિવાદ બાદ હવે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા લેવાયેલી UGC-NET પરીક્ષામાં પણ ગંભીર ગરબડ સામે આવી છે. આ ગંભીર ખામીઓને પગલે NTA એ રવિવારે મોડી સાંજે અંગ્રેજી, કોમર્સ અને સમાજશાસ્ત્ર (સોશિયોલોજી) જેવા ત્રણ મહત્વના વિષયોની પરીક્ષા રદ કરવાની જાહેરાત કરી છે.

NTA ના જણાવ્યા મુજબ, આ ત્રણેય વિષયોની પરીક્ષા આગામી 9 અને 10 સપ્ટેમ્બર 2026 ના રોજ ફરીથી યોજવામાં આવશે. આ પુનઃપરીક્ષા માટે ઉમેદવારો પાસેથી કોઈ વધારાની પરીક્ષા ફી લેવામાં આવશે નહીં. પરીક્ષાનું શહેર, સેન્ટર અને એડમિટ કાર્ડ અંગેની વિગતો ટૂંક સમયમાં NTA ની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

NTA દ્વારા પરીક્ષા રદ કરવા પાછળ જે કારણો આપવામાં આવ્યા છે તે અત્યંત ચોંકાવનારા છે. પ્રશ્નપત્રોમાં તથ્યાત્મક ભૂલો, ટાઈપિંગ અને ટ્રાન્સલેશન (અનુવાદ) ની ક્ષતિઓ, પ્રખ્યાત વિદ્વાનોના નામોના ખોટા સ્પેલિંગ, પુસ્તકોના ખોટા શીર્ષકો તેમજ વ્યાકરણ, લિંગ અને વચન સંબંધિત અનેક ભૂલો મળી આવી હતી. આ ઉપરાંત, રદ કરાયેલા પ્રશ્નપત્રોમાં મોટી સંખ્યામાં એવા પ્રશ્નો હતા જે ભૂતકાળની પરીક્ષાઓમાંથી સીધા જ પૂછવામાં આવ્યા હતા, જે પેપર લીક જેવી ક્ષતિઓ તરફ પણ ઈશારો કરે છે. NTA ના મતે આટલી મોટી ભૂલોને માત્ર ચેલેન્જ પ્રોસેસ દ્વારા સુધારી શકાય તેમ નહોતી.

UGC-NET ની 87 વિષયોની પરીક્ષામાંથી 84 વિષયોની પ્રોવિઝનલ આન્સર-કી જાહેર કર્યા બાદ NTA એ આ નિર્ણય લીધો છે. પરિણામોમાં સતત થઈ રહેલા વિલંબથી નારાજ થઈને વિદ્યાર્થીઓએ 11 ઓગસ્ટે NTA ના ઘેરાવની ધમકી આપી હતી, જેના પછી એજન્સીએ એક અઠવાડિયામાં આન્સર-કી જાહેર કરવાનું આશ્વાસન આપ્યું હતું. બાકીના 84 વિષયો માટે 18 ઓગસ્ટ 2026 ના રોજ રાત્રે 11:59 વાગ્યા સુધી વાંધા અરજી (ઓબ્જેક્શન) નોંધાવવાની વિન્ડો ખુલ્લી રહેશે.

NTA એ સ્પષ્ટતા કરી છે કે આ ત્રણ વિષયો સિવાયના બાકીના 84 વિષયોના પરિણામો નિર્ધારિત સમયે જ જાહેર કરવામાં આવશે.

JRF સીટોની ફાળવણી, આસિસ્ટન્ટ પ્રોફેસરની પાત્રતા અને PhD એડમિશન માટે ઈ-સર્ટિફિકેટ જારી કરવાની પ્રક્રિયામાં આ પુનઃપરીક્ષાના કારણે કોઈ વિલંબ થશે નહીં.

આસિસ્ટન્ટ પ્રોફેસર માટે ક્વોલિફાય થનારા ઉમેદવારોની સંખ્યા જૂન 2026 ની પરીક્ષા અને પુનઃપરીક્ષામાં બેસનારા ઉમેદવારોની કુલ સંખ્યાના 6 ટકા મુજબ જ રહેશે.

# તહેવારોમાં વિમાન ભાડામાં લૂંટ મુદ્દે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

તહેવારો અને રજાઓ દરમિયાન હવાઈ ટિકિટના ભાડામાં અચાનક થતા આડેધડ વધારા અંગે સુપ્રીમ કોર્ટે સોમવારે કડક વલણ અપનાવતા કહ્યું છે કે, જો એરલાઈન્સ નિયમોનું પાલન ન કરતી હોય તો તેમની ઉડાનો જ રોકી દેવી જોઈએ. તહેવારોના સમયે હવાઈ ભાડા વધારવા સામે દાખલ કરવામાં આવેલી અરજી પર જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, મુસાફરોના હિતમાં જે વ્યવસ્થાઓ બનાવવામાં આવી છે, તેના પાલન અને નિયમન અંગે હાલ ચિત્ર સ્પષ્ટ નથી. સુનાવણી દરમિયાન એડિશનલ સોલિસિટર જનરલ (ASG) અનિલ કૌશિકે કોર્ટને જણાવ્યું હતું કે, હવાઈ ભાડા અને ચાર્જિસ સંબંધિત નિયમો બનાવવાની પ્રક્રિયા આખરી તબક્કામાં છે, અને તેને પૂર્ણ થવામાં ૩ અઠવાડિયાનો સમય લાગશે. સુપ્રીમ કોર્ટે ૩ અઠવાડિયાનો સમય આપતા આ મામલે આગામી સુનાવણી ૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નક્કી કરી છે.

અરજીકર્તા સામાજિક કાર્યકર્તા એસ. લક્ષ્મીનારાયણને કોર્ટમાં રજૂઆત કરી હતી કે, ખાનગી એરલાઈન્સ અન્યાયી રીતે હવાઈ ભાડા નક્કી કરે છે, અને વધારાના ચાર્જિસ વસૂલે છે. તેમણે સ્પષ્ટ નિયમો બનાવવા અને તેના પાલન માટે એક રેગ્યુલેટરી બોડી (નિયામક સંસ્થા) બનાવવાની માગ કરી હતી. સુનાવણી દરમિયાન અરજીકર્તાએ દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ સંસદમાં કહ્યું છે કે અમે કંઈ કરી શકતા નથી અને કોઈ કેપિંગ (મર્યાદા) લગાવી શકતા નથી.

## સ્પોર્ટ્સ ન્યૂઝ

### રવીન્દ્ર જાડેજાએ રચ્યો ઈતિહાસ

# કેશરાની વિકેટ સાથે ટેસ્ટ ક્રિકેટમાં જાડેજાએ ૩૫૦ વિકેટ પૂરી કરી

## રવીન્દ્ર જાડેજા ટેસ્ટ ક્રિકેટમાં ૩૫૦ વિકેટ સુધી પહોંચનાર ભારતનો પહેલો લેફ્ટ આર્મ સ્પિનર બની ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા.૧૭ :** ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચમાં ત્રીજા દિવસે રવીન્દ્ર જાડેજાએ ઈતિહાસ રચ્યો છે. આ મેચમાં જાડેજાને પહેલી ઈનિંગમાં ૩ સફળતા મળી હતી. તેની સાથે જ તેણે પોતાના કરિયરમાં મોટી સિદ્ધિ મેળવી છે. ટીમ ઈન્ડિયાના આ દિગ્ગજ ઓલરાઉન્ડરે દિવસના ત્રીજા સેશનમાં કેશરા નવાનથાને આઉટ કરીને ભારતને સાતમી સફળતા અપાવી હતી. આ વિકેટ સાથે જ તેણે ઘણાં મોટા રેકોર્ડ પોતાના નામે કર્યા. તેણે ભારતીય ટીમ માટે એવું કામ કરી બતાવ્યું, જ્યાં સુધી તેના પહેલા કોઈ અન્ય ભારતીય ખેલાડી પહોંચી શક્યો નથી. કેશરાની વિકેટ સાથે ટેસ્ટ ક્રિકેટમાં તેણે ૩૫૦ વિકેટ પૂરી કરી. આ મેચ પહેલા તેના નામે ૩૪૮ ટેસ્ટ વિકેટ નોંધાયેલી હતી.

રવીન્દ્ર જાડેજા ટેસ્ટ ક્રિકેટમાં ૩૫૦ વિકેટ સુધી પહોંચનાર ભારતનો પહેલો લેફ્ટ આર્મ સ્પિનર બની ગયો છે. લેફ્ટ આર્મ સ્પિનર તરીકે ભારત માટે સૌથી વધુ વિકેટ લેવાના મામલે તેના પછી પૂર્વ ભારતીય દિગ્ગજ બિશન સિંહ બેદીનું નામ આવે છે. જેણે ૨૬૬ વિકેટ સાથે પોતાના કરિયરને વિરામ આપ્યો હતો.

ઓવરઓલ લિસ્ટની વાત કરીએ તો જાડેજા દુનિયાનો માત્ર ત્રીજો ૩૫૦ ટેસ્ટ વિકેટ લેનાર લેફ્ટ આર્મ સ્પિન બોલર છે. તેણે રંગના હેરાથ અને ડેનિયન વિટોરીના ક્લબમાં જગ્યા બનાવી છે. હેરાથના નામે સૌથી વધુ ૪૩૩ વિકેટ છે, જ્યારે વિટોરીના નામે ૩૬૨ વિકેટ નોંધાયેલી છે. જાડેજા આ લિસ્ટમાં ત્રીજા નંબરે છે. ટોપ-૫માં અન્ય બે નામ ડેરેક અંડરવુડ અને તાઈજુલ ઈસ્લામ છે. જેઓએ ક્રમશઃ ૨૯૭ અને ૨૭૧ વિકેટ ઝડપી છે.

૩૫૦ ટેસ્ટ વિકેટનો આંકડો પાર કરતા જાડેજા ભારત માટે આ સિદ્ધિ મેળવનાર માત્ર પાંચમો ખેલાડી બની ગયો છે. જાડેજા પહેલા અનિલ કુંબલે, રવિચંદ્રન અશ્વિન, કપિલ દેવ અને હરભજન સિંહ જ આ કામ કરી શક્યા છે. ભારત તરફથી ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલેના નામે છે. કુંબલેએ પોતાના કરિયરમાં ૬૧૯ વિકેટ, જ્યારે હરભજન સિંહે ૪૧૭ વિકેટ લીધી છે. હવે આ યાદીમાં જાડેજાનું નામ પણ સામેલ થઈ ગયું છે.

ટેસ્ટ ક્રિકેટમાં જાડેજાના નામે પહેલાથી જ ૪૦૦૦થી વધુ રન નોંધાયેલા છે. હવે તેણે ૩૫૦ વિકેટ પણ પૂરી કરી લીધી છે. તેની સાથે જ જાડેજાએ ૩૫૦ વિકેટ સાથે ૪૦૦૦થી વધુ ટેસ્ટ રન એવો ડબલ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. જે ક્રિકેટના ઈતિહાસમાં ઘણો દુર્લભ છે. દુનિયામાં તેની પહેલા માત્ર ત્રણ ખેલાડી આ ક્લબમાં પહોંચી શક્યા હતા. આ લિસ્ટમાં સૌથી ઉપર કપિલ દેવ છે. કપિલ દેવે ટેસ્ટ ક્રિકેટમાં ૫૨૪૮ રન અને ૪૩૪ વિકેટ મેળવી હતી. ત્યાર બાદ ઈંગ્લેન્ડના મહાન ઓલરાઉન્ડર ઈયાન બોથમનું નામ આવે છે. જેણે ૫૨૦૦ રન અને ૩૮૩ વિકેટ લીધી છે. જ્યારે ત્રીજું નામ ન્યૂઝીલેન્ડના દિગ્ગજ ઓલરાઉન્ડર ડેનિયન વિટોરીનું છે, જેણે ૪૬૩૧ રન અને ૩૬૨ વિકેટ સાથે પોતાના કરિયરને વિરામ આપ્યો હતો.

### ગાલે ટેસ્ટ વચ્ચે રવિન્દ્ર જાડેજાનું છલકાયું દર્દ

# કદાચ ટીમને મારી બેટિંગ પર ભરોસો નહોતો : જાડેજા

## જાડેજાએ જણાવ્યું કે, ભારતીય ટીમમાં સતત નીચલા ક્રમે બેટિંગ કરવાથી તેમના આત્મવિશ્વાસ પર અસર પડી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭ :** ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પોતાના કરિયરના શરૂઆતના દિવસોને લઈને મોટો અને અત્યંત પ્રામાણિક ખુલાસો કર્યો છે. જાડેજાએ જણાવ્યું કે, ભારતીય ટીમમાં તેમને સતત નીચલા ક્રમે બેટિંગ માટે મોકલવામાં આવવાથી તેમનો આત્મવિશ્વાસ પર અસર પડી હતી. ભારત અને શ્રીલંકા વચ્ચે બીજા દિવસે મેચ શરૂ થતા પહેલા બ્રોડકાસ્ટર્સ સાથેની વાતચીતમાં જાડેજાએ જણાવ્યું કે, ઘરેલુ ક્રિકેટમાં તેમનો બેટિંગ રેકોર્ડ મજબૂત હતો.

રણજી ટ્રોફી અને દુલીપ ટ્રોફીમાં તેમની સરેરાશ ૬૦ કરતા વધુ રહી હતી અને તેમને પોતાની જાત પર વિશ્વાસ હતો કે, તેઓ સારી બેટિંગ કરી શકે છે. પરંતુ ભારતીય ટીમમાં આવ્યા બાદ તેમને ઘણીવાર નંબર ૮ અને ૯ પર બેટિંગ કરવા જવું પડતું હતું.

તેમણે કહ્યું કે, ડ્રેસિંગ રૂમમાં જ્યારે તેઓ પેડ પહેરીને પોતાની બેટિંગની રાહ જોતા હતા અને તેમની બાજુમાં ફાસ્ટ બોલર બેટિંગ માટે તૈયારી કરી રહ્યા હતા, ત્યારે તેનાથી તેમનું મનોબળ ઘટતું હતું. તેમને લાગતું હતું કે કદાચ ટીમને તેમની બેટિંગ પર પૂરો ભરોસો નથી. જાડેજાએ કહ્યું કે, ઘણીવાર તેમને રવિચંદ્રન અશ્વિન કરતા પણ નીચે બેટિંગ માટે મોકલવામાં આવતા હતા. આવી પરિસ્થિતિઓએ તેમને ખૂબ જ પરેશાન કર્યા અને તેમનો આત્મવિશ્વાસ પર અસર થઈ હતી. જો કે, સમયની સાથે તેમણે માનસિક મજબૂતી વિકસાવી અને ટેસ્ટ ક્રિકેટમાં લાંબી ઈનિંગ્સ રમવાનો મિજાજ બનાવ્યો.

આ ખુલાસો શ્રીલંકા સામેની ટેસ્ટ મેચ દરમિયાન થયો છે. ભારતે ગાલેમાં પહેલા દિવસે ૨૮૮/૨ નો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ત્યારબાદ બીજા દિવસે પણ ભારતીય બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કર્યું. ભારતે બીજા દિવસે સ્ટમ્પ સુધી ૯ વિકેટે ૪૬૦ રન બનાવ્યા છે. દેવદત્ત પડિકલે શાનદાર ૧૬૭ રનનું યોગદાન આપ્યું છે.

# વારંવાર બંધ થતાં હોર્મુઝથી કંટાળી નવો રસ્તો શોધાયો : ભારત પણ જહાજો મોકલવાની તૈયારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

લાલ સાગર, સુએઝ નહેર અને બીજા સમુદ્રી રસ્તા પર વધતા તણાવ અને યુદ્ધે વૈશ્વિક વેપારને સમુદ્રી માર્ગોની સુરક્ષા પ્રત્યે એલર્ટ કરી દીધું છે. હવે એ સમજાઈ ગયું છે કે, હોર્મુઝના ખુલવા સુધી હાથ પર હાથ ધરીને બેસી ન શકાય. કોઈ એક રસ્તો બંધ થવાથી જહાજોએ લાંબો રસ્તો અપનાવવો પડે છે, જેના કારણે સમય અને પરિવહન ખર્ચ બંને વધી જાય છે. આ જ જોખમને ધ્યાનમાં રાખીને ચીન યુરોપ સુધી પહોંચવા માટે આર્કટિક સમુદ્રી માર્ગનો ઉપયોગ વધારવાની તૈયારીમાં છે.

આ માર્ગથી ચીનથી યુરોપની યાત્રા લગભગ ૨૦ દિવસમાં પૂરી થઈ શકે છે. હાલમાં ચીનથી યુરોપ જતાં મોટા કન્ટેનર જહાજો હિંદ મહાસાગર, અરબી સાગર, લાલ સમુદ્ર અને સુએઝ નહેર થઈને ભૂમધ્ય સમુદ્ર થઈને યુરોપ પહોંચે છે. આર્કટિક રૂટ પર જહાજો ઉત્તર ચીનથી રવાના થશે, રશિયાના સાઈબેરીયન કિનારા પરથી આર્કટિક મહાસાગરમાં જશે અને ત્યાંથી યુરોપ તરફ આગળ વધશે.

ચીન લાંબા સમયથી ચિંતિત છે કે, તેનો મોટાભાગનો વેપાર અને ઊર્જા આયાતનો હિસ્સો અમુક સમુદ્રી માર્ગો પર નિર્ભર છે. તેને તેની મલક્કા દુવિધા' (મલક્કા ડાઈલેમા) સાથે પણ જોડવામાં આવે છે. મલક્કાના જળમાર્ગમાં સંકટ અથવા નાકાબંધી મોટી સમસ્યાઓનું કારણ બની શકે છે. એટલા માટે ચીન 'આઈસ સિલ્ક રોડ'ને માત્ર વેપાર માર્ગ તરીકે જ નહીં પરંતુ એક વ્યૂહાત્મક પ્રોજેક્ટ તરીકે પણ વિચારી રહ્યું છે. અમેરિકા અને યુરોપના રશિયા પર વધી રહેલા દબાણ વચ્ચે ચીન-રશિયા સહયોગનો આ માર્ગ ભવિષ્યમાં વૈશ્વિક વેપાર અને ભૂરાજનીતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

ઊર્જા સુરક્ષા, રશિયા સાથે વેપાર અને યુરોપ સાથે વધુ સારી કનેક્ટિવિટીને કારણે વૃદ્ધિ થઈ રહી છે. આનાથી રશિયાના આર્કટિક પ્રદેશ અને દૂર પૂર્વમાંથી તેલ, ગેસ અને અન્ય સંસાધનોની સપ્લાય કરવાનું સરળ બની શકે છે. ભારતે ૨૦૨૭માં આ રૂટ પર ટ્રાયલ માટે પ્રથમ જહાજ મોકલવાની યોજના બનાવી છે.

આ રસ્તો લગભગ ૫,૬૦૦ કિલોમીટર લાંબો છે. રશિયાના આર્કટિક કિનારાની સાથે-સાથે ચાલે છે અને પૂર્વ એશિયાને યુરોપ સાથે જોડતો સૌથી ટૂંકો શિપિંગ માર્ગ છે. ચીનથી ઉત્તરી યુરોપનો આ માર્ગ લગભગ ૧૮-૨૦ દિવસમાં પૂરો થઈ શકે છે. તેની સરખામણીમાં, સુએઝ નહેર અથવા આફ્રિકાના કેપ ઓફ ગુડ હોપના રસ્તે યાત્રામાં ૪૦-૫૦ દિવસનો સમય લાગે છે. ટૂંકો રસ્તો હોવાના કારણે ઈંધણ અને સંચાલન ખર્ચ પણ ઘટી શકે છે.

આ રસ્તાનો એક ફાયદો યાત્રાનો સમય છે. ચીનથી યુરોપની યાત્રામાં લગભગ ૨૦ દિવસનો સમય લાગે છે, જ્યારે ચીન-યુરોપ રેલ માર્ગમાં લગભગ ૨૫ દિવસ, સુએઝ કેનાલ દ્વારા ૪૦ દિવસ અને કેપ ઓફ ગુડ હોપની ચારે બાજુથી જતાં ૫૦ દિવસ લાગે છે. તેનું પ્રથમ પરીક્ષણ સપ્ટેમ્બર ૨૦૨૫માં થયું હતું. ટ્રેનો ૨૦ દિવસમાં ફેલિક્સસ્ટો પહોંચી હતી, જે ચીન અને યુરોપ વચ્ચેના પરિવહનના સમયને ઘટાડવાની ક્ષમતા દર્શાવે છે.

# સ્પેનના દરિયાકિનારે હજારો પ્રવાસીઓનો ભારે હંગામો, ગેરકાયદે પ્રવેશ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સ્પેન, તા.૧૭**

સ્પેનના ઉત્તરી આફ્રિકા સ્થિત વિસ્તાર સ્યુટામાં તાજેતરમાં ઘૂસણખોરી કરનારા સેંકડો પ્રવાસીઓએ રવિવારે શહેરના એક લોકપ્રિય સમુદ્ર કિનારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ લોકોનો દાવો છે કે તેમને મોરોક્કો પાછા મોકલવાને બદલે સ્પેન સરકાર દ્વારા શરણ આપવામાં આવે. ઉલ્લેખનીય છે કે, બે અઠવાડિયા પહેલા થયેલી મોટા પાયાની ઘૂસણખોરી બાદ હજુ પણ અંદાજે ૫૦૦૦થી ૮૦૦૦ જેટલા પ્રવાસીઓ સ્યુટામાં રોકાયેલા છે. આ ઘટના દરમિયાન માત્ર ૮૦,૦૦૦ની વસ્તી ધરાવતા આ નાનકડા વિસ્તારમાં ૭૨,૦૦૦થી વધુ લોકો પ્રવેશી ગયા હતા, જેમાંથી મોટાભાગના લોકો બાદમાં પોતાની મરજીથી પરત ફરી ગયા હતા.

શહેરના સંસાધનો પર ભારે દબાણ વધવાના કારણે મોટાભાગના પ્રવાસીઓ એલ ત્રામ્પોલિન બીચ અથવા શહેરના બહારના વિસ્તારોમાં અત્યંત ખરાબ પરિસ્થિતિમાં દિવસો વિતાવી રહ્યા છે. તેઓ યુરોપના મુખ્ય ભૂમિભાગ તરફ આગળ વધવાની તકની રાહ જોઈ રહ્યા છે. પ્રદર્શનકારીઓએ સ્પેનના ઝંડા અને બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા, જેમાં તેમણે મોરોક્કો પરત ન જવાની અને માનવીય ધોરણે ઉકેલ લાવવાની અપીલ કરી હતી. સ્થાનિક પોલીસ તેમને શહેરના મુખ્ય વિસ્તારમાં પ્રવેશતા રોકી રહી છે.

બીજી તરફ સ્પેન સરકારે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. દેશના ગૃહમંત્રી ફર્નાન્ડો ગ્રાન્ડે-માર્લાસ્કાએ સ્પષ્ટ કર્યું છે કે જે પ્રવાસીઓ ગેરકાયદેસર રીતે પ્રવેશેલા છે, તેમને આ વિસ્તારમાં રહેવા, સ્પેનની મુખ્ય જમીન પર જવા કે કોઈ કાનૂની દરજ્જો મેળવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. માત્ર અત્યંત અસુરક્ષિત અને વિશિષ્ટ કિસ્સાઓમાં જ અપવાદરૂપે છૂટછાટ મળી શકે છે. હાલમાં સ્યુટામાં અટવાયેલા પ્રવાસીઓ શરણની માંગ પર અડગ છે, જ્યારે સરકાર પોતાના નિર્ણય પર મક્કમ છે.

<u>ચીફ એક્ઝિક્યુટીવ પદેથી હટાવી દેવામાં આવ્યા</u>

# ઝૂમ કોલ પર ૯૦૦ કર્મીઓને કાઢી મૂકનારા સીઇઓની જ નોકરી ગઇ!

**ગર્ગ સિવાયનાં બાકી તમામ ડાયરેક્ટરોએ તેમને હટાવવા માટે સર્વ સંમતિથી મત આપ્યા હતાં : બેટર હોમ એન્ડ ફાઇનાન્સનાં બોર્ડ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૭**

૨૦૨૧માં નાતાલ અગાઉ ત્રણ મિનિટનો ઝૂમ કોલ કરી ૯૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકનારા ભારતીય અમેરિકન સીઈઓ વિશાલ ગર્ગની પણ નોકરી જતી રહી છે. તેમને બેટર હોમ એન્ડ ફાયનાન્સનાં ચીફ એક્ઝિક્યુટીવ પદેથી હટાવી દેવામાં આવ્યા છે. ગર્ગને ઓગસ્ટની શરૂઆતમાં હટાવી દેવામાં આવ્યા હતાં.

બેટર હોમ એન્ડ ફાઈનાન્સનાં બોર્ડે જણાવ્યું છે કે, ગર્ગ સિવાયનાં બાકી તમામ ડાયરેકટરોએ તેમને હટાવવા માટે સર્વ સંમતિથી મત આપ્યા હતાં. નિર્ણય લેવાની તેમની પદ્ધતિ, સ્વભાવ અને વિશ્વસનીયતા અંગેની ચિંતાઓને ધ્યાનમાં રાખી તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે. કંપનીને ૨૦૨૨થી ૧.૫ અબજ ડોલરથી વધુનું નુકસાન થયું છે.

ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર, ૨૦૨૧માં ગર્ગે ઝૂમ કોલ પર ૯૦૦થી વધુ કર્મચારીઓને અચાનક જણાવ્યું હતું કે તેમની નોકરી તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવી રહી છે. ત્યારબાદ થયેલા હોબાળાને કારણે તે થોડાક દિવસ માટે રજા પર ઉતરી ગયા હતાં. રજા પછી તેઓ સીઈઓ તરીકે પરત ફર્યા હતાં. આ ઘટનાને કારણે બેટર હોમ એન્ડ ફાઈનાન્સની પ્રતિષ્ઠાને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડયું હતું. વિશાલે નવા સીઈઓ ડેનિયલ લુઈસ પર વિશ્વાસઘાત કરવાનો આરોપ મૂક્યો છે. વિશાલે જણાવ્યું છે કે, તેમણે મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. લુઈસે ગયા સપ્તાહમાં વિશાલની જગ્યા લીધી હતી.

<u>લૂના એન્થ્રોપિકના ક્લોડ એઆઈના ઓપસ ૪.૮ની મદદથી કામ કરી રહ્યો છે</u>

# વિશ્વનો પહેલો કિસ્સો : એઆઈ બોસે કર્મચારીને નોકરીમાંથી હટાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કેલિફોર્નિયા, તા.૧૭**

એઆઈ હવે કર્મચારીઓને મેનેજ કરવાનું પણ કામ કરી રહ્યું છે. અમેરિકામાં એઆઈ દ્વારા મેનેજ કરવામાં આવી રહેલા એક પ્રાયોગિક સ્ટોરમાં એઆઈ મેનેજરે એક કર્મચારીને હટાવવાની ભલામણ કરી હતી. કર્મચારી પોતાની ૨૩માંથી ૧૭ શિફ્ટમાં મોડો પહોંચ્યો હતો. હ્યુમન સ્ટાફે એઆઈની ભલામણની સમીક્ષા કર્યા બાદ કર્મચારીને નોકરીમાંથી હટાવ્યો હતો.

આ પ્રયોગ એન્ડોન લેબ્સ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. તેમના સ્ટોર એન્ડોન માર્કેટનું મેનેજમેન્ટ લૂના નામનો એઆઈ એજન્ટ કરી રહ્યો છે. કંપનીનો હેતુ એ તપાસવાનો છે કે, એઆઈને બિઝનેસ ચલાવવાની અને હ્યુમન કર્મચારીઓને મેનેજ કરવાની જવાબદારી સોંપવામાં આવે તો તે કેવી રીતે કામ કરે છે.

લૂના એન્થ્રોપિકના ક્લોડ એઆઈના ઓપસ ૪.૮ની મદદથી કામ કરી રહ્યો છે. લૂના દુકાન માટે વિવિધ વસ્તુઓ પસંદ કરવાની ઉપરાંત કિંમતો અને વર્ક ટાઈમ, નોકરી માટે કર્મચારીઓ શોધવા જેવી કામગીરી કરે છે. આ સ્ટોરમાં બુક્સ, આર્ટવર્ક, ગેમ્સ અને બ્રાન્ડેડ વસ્તુઓ વેચાય છે. લૂનાએ કર્મચારીઓ માટે નિયમો બનાવ્યા હતા. નિયમોનું પાલન ન કરાતા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# રશિયા પર યુક્રેનની મોટી એરસ્ટ્રાઈક, એકસાથે ૮૨૨ ડ્રોનથી કર્યો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મોસ્કો, તા.૧૭**

રશિયા-યુક્રેન વચ્ચે તણાવ ચરમસીમા પર છે. બન્ને દેશો એકબીજા પર હવે તાબડતોડ હુમલા કરી રહ્યા છે. આ વચ્ચે યુક્રેને રવિવારે રશિયાના વિવિધ વિસ્તારો પર સેંકડો ડ્રોનથી હુમલો કર્યો. આ હુમલામાં ઓછામાં ઓછા ૮ લોકોના મોત થયા છે. આ યુદ્ધ શરૂ થયા બાદથી યુક્રેનનો સૌથી મોટો હવાઈ હુમલો માનવામાં આવી રહ્યો છે. રશિયાના રક્ષા મંત્રાલયે કહ્યું કે, રાતોરાત તેમણે ૮૨૨ યુક્રેનિયન ડ્રોન નષ્ટ કરી દીધા. તેમાંથી લગભગ ૬૦૦ ડ્રોન રશિયાની રાજધાની મોસ્કો તરફ વધી રહ્યા હતા. મોસ્કોના મેયર સેર્ગેઈ સોબ્યાનિનના અનુસાર, તેમાંથી લગભગ એક તૃતીયાંશ મોસ્કો ક્ષેત્રમાં જ તોડી પાડવામાં આવ્યા.

દક્ષિણ-પશ્ચિમી રોસ્તોવ ક્ષેત્રના ગવર્નર યુરી સ્લ્યૂસરે જણાવ્યું કે, ક્ષેત્રના ત્રણ શહેરો પર થયેલા ડ્રોન હુમલામાં ૫ લોકોના મોત થયા છે. હુમલામાં ૧૫૦થી વધુ ડ્રોન સામેલ હતા, જેનાથી અનેક ઘરો અને એક રેલવે સ્ટેશનને નુકસાન પહોંચ્યું તથા જંગલમાં આગ લાગી. મોસ્કો ક્ષેત્રમાં ગવર્નર આંદ્રેઈ વોરોબ્યોવે કહ્યું કે, એક યુક્રેનિયન ડ્રોન ખાનગી મકાન પર પડવાથી ૮૩ વર્ષીય વ્યક્તિનું મોત થયું છે. પોડોલ્સ્ક શહેરમાં વાઈલ્ડબેરીઝના એક ગોડાઉનમાં પણ આગ લાગી.

બીજીતરફ રશિયાએ યુક્રેનમાં અનેક ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. પ્રેસિડેન્ટ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, ક્રિવી રિહ પર રશિયન મિસાઈલ હુમલામાં બે લોકોના મોત થયા અને ૧૪ લોકો ઘાયલ થયા છે. સુમીમાં વધુ એક વ્યક્તિનું મોત થયું છે. દક્ષિણી જાપોરિજ્જિયા ક્ષેત્રમાં સ્થાનિક લશ્કરી વહીવટીતંત્રના પ્રમુખ ઈવાન ફેડોરોવે કહ્યું કે, ઘર પર થયેલા હુમલામાં એક પુરુષ અને એક મહિલાનું મોત થયું. કુલ મળીને યુક્રેનમાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કીવમાં રશિયાના હુમલાઓથી આગ લાગી અને છ લોકો ઘાયલ થયા. પોચૈના મેટ્રો સ્ટેશન પાસે એક મોટા બુક માર્કેટમાં પણ આગ લાગી, જેનાથી કાળો ધુમાડો નીકળ્યો અને અનેક કિઓસ્ક તથા પવેલિયન ક્ષતિગ્રસ્ત થઈ ગયા. ઝેલેન્સ્કીએ કહ્યું કે, રશિયા જ્યાં પણ પહોંચી શકે છે, ત્યાં નાગરિક પાયાની માળખાકીય સુવિધાઓ પર બેલેસ્ટિક મિસાઈલોથી હુમલો કરે છે." રશિયાના રક્ષા મંત્રાલયનો દાવો છે કે, તેમણે ક્રિવી રિહના ધાતુશાસ્ત્રીય પ્લાન્ટ અને કીવમાં અનેક સૈન્ય-ઔદ્યોગિક ઠેકાણાઓને નિશાન બનાવ્યા, જેમાં યુક્રેનની ફ્લેમિંગો મિસાઈલો બનાવવાની સુવિધા પણ સામેલ છે. હાલના આ હુમલાઓથી બન્ને દેશો વચ્ચે વધતા હવાઈ યુદ્ધનો સંકેત મળે છે, જેમાં મોરચાથી દૂરના વિસ્તારોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. યુક્રેન આ વર્ષે રશિયા પર હુમલા વધારી રહ્યું છે અને સૈન્ય ઉદ્યોગ તેમજ ઉર્જા સુવિધાઓ વિરુદ્ધ લાંબા અંતરની મિસાઈલો તથા ડ્રોનના ઝુંડનો ઉપયોગ કરી રહ્યું છે.




<u>ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર ૩૦ જુલાઈએ રિલીઝ થયું હતું</u>

# "ફોન પર ટ્રેલર જોઈને ટીકા કરવી હાસ્યાસ્પદ છે" : રણબીર કપૂર





## રણબીર કપૂરે ફિલ્મના વીએફએક્સ અંગે થઈ રહેલી ટીકાઓ પર પોતાનો જવાબ આપ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર ૩૦ જુલાઈએ રિલીઝ થયા બાદ તેના વિઝ્યુઅલ્સ અને વીએફએક્સને લઈને ચર્ચા શરૂ થઈ હતી. ફિલ્મનાં વિશાળ સ્કેલના કેટલાક દર્શકોએ વખાણ કર્યા હતા, જ્યારે કેટલાકે સીજીઆઈની ટીકા કરી હતી. હવે રણબીર કપૂરે ફિલ્મના વીએફએક્સ અંગે થઈ રહેલી ટીકાઓ પર પોતાનો જવાબ આપ્યો છે.

એક ઈન્ટરવ્યુમાં રણબીરે કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં દર્શકોમાં સીજીઆઈની ગુણવત્તા અંગે જાગૃતિ વધી છે, ખાસ કરીને એઆઈના વધતા ઉપયોગને કારણે. તેણે કહ્યું, "છેલ્લા કેટલાક વર્ષોમાં એક પ્રકારની ઘટના જોવા મળી છે. મોટી સંખ્યામાં લોકો હવે 'સીજી ક્રિટિક્સ' બની ગયા છે. તેઓ ટ્રેલર જુએ છે અને તરત જ કહે છે કે સીજીઆઈ સારું નથી અથવા કામ અધૂરું લાગે છે."

રણબીરે ઉમેર્યું કે, એઆઈનાં વધતા પ્રભાવને કારણે લોકો સીજીઆઈ કેવી રીતે બનાવવામાં આવે છે અને આખરે ફિલ્મમાં તે કેવું દેખાશે તે અંગે વધુ રસ લેવા લાગ્યા છે. તેણે કહ્યું, "ક્યારેક મને આ ખુબ હાસ્યાસ્પદ લાગે છે, કારણ કે જે લોકો જાણે છે કે સીજી કેવી રીતે બનાવવામાં આવે છે, તેઓ સમજે છે કે કોઈએ બસ એઆઈનો ઉપયોગ કરીને કંઈક બનાવીને રિલીઝ નથી કરી દીધું. કલાકારો વર્ષો સુધી અસંખ્ય કલાકો કામ કરતા હોય છે. મેં નિતેશ સર અને નમિતને આ પ્રોજેક્ટ શરૂ થયો ત્યારથી વીએફએક્સ અંગેની ચર્ચાઓમાં જોયા છે. તેઓ આકાશના ચોક્કસ રંગને યોગ્ય બનાવવા જેવી નાની બાબત માટે પણ કલાકો સુધી કામ કરતા રહ્યા છે."

તેણે સ્વીકાર્યું કે, હાલના સમયમાં દર્શકોને અસલી અને વિશ્વસનીય સીજીઆઈથી પ્રભાવિત કરવાં પડકારજનક છે.

## ૩૫ વર્ષની અભિનેત્રી અને સોશિયલ મીડિયા સ્ટાર અનન્યા રાજનું નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અભિનેત્રી અને સોશિયલ મીડિયા સ્ટાર અનન્યા રાજનું ૩૫ વર્ષની વયે નિધન થયું છે. આ માહિતી તેમના પરિવારે તેમના જ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર લગભગ એક મહિના પછી આપી છે. પરિવારના જણાવ્યા અનુસાર અનન્યાનું નિધન ૧૫ જુલાઈએ થયું હતું. પરિવારનું કહેવું છે કે તેઓ છેલ્લા એક વર્ષથી બીમાર હતા. અનન્યાએ '૭ અવર્સ ટુ ગો', 'ધ ફાઈનલ એક્ઝિટ' અને 'ઘોસ્ટ' જેવા પ્રોજેક્ટ્સમાં કામ કર્યું હતું. ઈન્સ્ટાગ્રામ પર તેમને લગભગ પોણા ત્રણ લાખ લોકો ફોલો કરતા હતા.

અનન્યાના નિધનના એક મહિના પછી મોતની જાણકારી આપતા ઈન્સ્ટાગ્રામ પર ફેમિલીએ એક નોટ શેર કરી. જેમાં લખવામાં આવ્યું છે કે, 'અમે અનન્યાના પરિવારજનો છીએ. ખૂબ જ દુઃખ સાથે અમારે જણાવવું પડી રહ્યું છે કે ૧૫ જુલાઈની વહેલી સવારે અનન્યાનું નિધન થઈ ગયું. તે ઊંઘમાં જ શાંતિથી ગુજરી ગઈ. એક વર્ષથી વધુ સમયથી તે માનસિક અને શારીરિક રીતે અસ્વસ્થ હતી. પોતાની બીમારીમાંથી બહાર આવવા માટે તેણે વોરિયરની જેમ લડાઈ લડી.'


નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું કે, 'તે મજબૂત ઈરાદાઓ વાળી છોકરી હતી અને તેણે હંમેશા શાનથી એક ક્વીનની જેમ જિંદગી જીવી. બચ્ચા, તારી ખોટ ખૂબ સાલશે. અમે આપ સૌને વિનંતી કરીએ છીએ કે તેની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરો. આ મુશ્કેલ સમયમાં અમે ઈચ્છીએ છીએ કે અમને થોડી પ્રાઈવસી અને શાંતિ આપવામાં આવે.' પોસ્ટમાં નિવેદનની સાથે સાથે પરિવાર તરફથી અનન્યાના અંતિમ સંસ્કારની પણ એક તસવીર શેર કરવામાં આવી છે. સાથે જ એક તસવીર એવી પણ છે, જેમાં અનન્યાની તસવીર મૂકીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે.

અનન્યાનો જન્મ ૧૯૯૧માં થયો હતો અને ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ તેમણે આ દુનિયાને અલવિદા કહી દીધું. અનન્યા રાજે હિન્દી સિવાય રીજનલ સિનેમામાં પણ કામ કર્યું હતું. તે મુંબઈમાં જ ઉછરી હતી અને ફિલ્મો સિવાય મ્યુઝિક વિડિયોઝમાં પણ કામ કરતી હતી. ૨૦૧૬માં આવેલી '૭ અવર્સ ટુ ગો'થી પોતાનું બોલિવૂડ ડેબ્યૂ કર્યું હતું. બાદમાં તેલુગુ ફિલ્મ 'તગ્ગેદે લે' અને ધ ટ્રાઈલિંગ્યુઅલ મદ્રાસી ગેંગમાં પણ કામ કર્યું.

<u>૨૦૧૨માં 'જન્નત ટુ' રજૂ થઈ હતી</u>

# 'આવારાપન-ટુ'ની સફળતાને પગલે જન્નત થ્રીની તૈયારી શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**




ઈમરાન હાશમીની 'આવારાપન ટુ' બોક્સ ઓફિસ ખાતે ભારે સફળ થતા નિર્માતા વિશેષ ભટ્ટે 'જન્નત ૩' પર કામ શરૂ કરી દીધુ છે. આ ત્રીજો ભાગ સફળ જન્નત ફ્રેન્ચાઈસીમાં ઈમરાન હાશ્મીની અગાઉની ફિલ્મોને આગળ વધારશે જેની પટકથા હજી તૈયાર થઈ રહી છે.

વિશેષ ભટ્ટે માહિતી આપી કે, 'આવારાપન ટુ' પછી 'જન્નત ૩' તેનો આગામી પ્રોજેક્ટ રહેશે. તેમણે સ્ક્રિપ્ટ પર કામ ચાલુ હોવાનું જણાવ્યું છે, જો કે તેને હજી ફાઈનલ નથી કરવામાં આવી. આ ફ્રેન્ચાઈસી ૨૦૦૮માં હાશ્મીના અર્જુન દીક્ષિત અને સોનલ ચૌહાનના ઝોયાના રોલ સાથે શરૂ થઈ હતી જેના પછી ૨૦૧૨માં 'જન્નત ટુ' રજૂ થઈ હતી.

નિર્માતાએ 'આવારાપન ટુ'નો બચાવ કરતા કહ્યું કે, તેમણે માત્ર પૈસા કમાવવા આ ફિલ્મ નહોતી બનાવી. શરૂઆતમાં વિતરકોએ તેમાં રસ દાખવ્યો હતો, જેના કારણે સર્જકોએ પોતાના નાણાનું રોકાણ કર્યું હતું. તેમણે 'બટવારા ૧૯૪૭' સાથે તેની સ્પર્ધાની વાતને ફગાવી દેતા કહ્યું કે બંને ફિલ્મો અલગ પ્રકારના દર્શકોને ટારગેટ કરે છે અને અલગ અલગ કન્ટેન્ટ બોક્સ ઓફિસ પર એક સાથે સફળ થઈ શકે છે.

# 'જો આપણે જોખમ લેવાનાં બંધ કરી દઈશું, તો ખરાબ ફિલ્મો બનાવીશું' : સૌરભ સચદેવા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

જ્યારે ફિલ્મ નિર્માતાઓ માટે દર્શકોને શું ગમશે તે નક્કી કરવું વધુને વધુ અનિશ્ચિત બની રહ્યું છે, ત્યારે અભિનેતા સૌરભ સચદેવા માને છે કે આ અનિશ્ચિતતા કદાચ ફિલ્મ માટે સૌથી મોટો સર્જનાત્મક ફાયદો બની શકે છે.

'એનિમલ' અને 'જાને જાન' (2023) જેવી ફિલ્મોમાં પોતાના અભિનય માટે જાણીતા અને તાજેતરમાં 'સતલુજ' તથા 'ઈશ્કનામા'માં જોવા મળેલા અભિનેતાએ કહ્યું, "આપણે ખબર નથી હોતી કે કયા પ્રોજેક્ટમાંથી આપણને કેવા પ્રકારની સફળતા મળશે. કઈ ફિલ્મ ચાલશે અને કઈ નહીં, તે પણ આપણે જાણતા નથી." તેણે વધુમાં કહ્યું, "હું હંમેશાં માનું છું કે આ જ સૌથી સારી સ્થિતિ છે, કારણ કે અનિશ્ચિતતા સર્જનાત્મકતાની જનની છે. આપણી પાસે જેટલી વધુ અનિશ્ચિતતા હશે, તેટલા જ આપણે વધુ ઉત્સુક રહીશું અને યોગ્ય પ્રોજેક્ટ બનાવવા માટે વધુ સજાગ રહીશું." સચદેવાના મતે અનિશ્ચિતતાને કારણે ફિલ્મ નિર્માતાઓએ અજમાવેલી અને સફળ ફોર્મ્યુલા તરફ પાછા ફરવાને બદલે પ્રયોગો કરવા જોઈએ. તેણે કહ્યું, "જીવનમાં જો કોઈ અનિશ્ચિતતા ન હોય, તો આપણને ખબર નથી પડતી કે શું કામ કરશે. આપણે અનિશ્ચિત હોઈએ છીએ ત્યારે તે વધુ સારી રીતે કામ કરે છે. મને લાગે છે કે તે વધુ સારું કામ સર્જવામાં મદદ કરે છે. જો આપણે જોખમ લેવાનું બંધ કરી દઈશું, તો કંટાળી જઈશું અને ખરાબ ફિલ્મો બનાવવા લાગીશું, જે થઈ પણ રહ્યું હતું." તેણે વધુમાં કહ્યું, "આપણે જાણતા નથી કે શું કામ કરશે, તેથી કંઈક નવું કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આપણે જે ફોર્મ્યુલા અજમાવી રહ્યા છીએ તે કામ કરી રહી નથી, તો કંઈક નવું કરવું વધુ સારું છે. મને લાગે છે કે આ જ યોગ્ય રસ્તો છે." જોકે, સૌરભ એ વાત પણ સ્વીકારે છે કે સર્જનાત્મકતાને વ્યાવસાયિક પાસાથી અલગ કરી શકાય નહીં. તેણે કહ્યું, "બિઝનેસ અને ક્રિએટિવિટી સાથે મળીને ચાલવા જોઈએ." તેણે સમજાવ્યું કે, નિર્માતા જે રોકાણ કરે છે તે આખરે ફિલ્મને દર્શકો સુધી પહોંચાડવા માટે જરૂરી તેના કદ અને સંસાધનો નક્કી કરે છે. સૌરભે ફિલ્મોને માત્ર બોક્સ ઓફિસના આંકડાઓના આધારે માપવા સામે ચેતવણી પણ આપી. તેણે કહ્યું, "આંકડાઓથી ફિલ્મને જજ ન કરી શકાય. ફિલ્મને તેની પોતાની રીતે જજ કરી શકાય, કારણ કે આંકડાઓ ફિલ્મને ખાઈ રહ્યા છે. આપણે માત્ર તેની પાછળ દોડી રહ્યા છીએ. એટલે આપણે કંઈપણ વેચી રહ્યા છીએ—ચાલો આંકડાઓની પાછળ દોડીએ અને કોઈપણ રીતે લોકોને ખોટું કહીએ."

નવી જવાબદારી મુજબ કામગીરી શરૂ

# પંચાયત અને ગ્રામ વિકાસની કામગીરી તલાટી કમ-મંત્રી સંભાળશે

**ગુજરાત સરકારે બંને કેડર માટે અલગ જોબચાર્ટ નક્કી કર્યો; ગ્રામ્ય કક્ષાએ કામગીરીમાં અસમંજસતા અને ઓવરલેપિંગ દૂર થવાની આશા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર,તા.૧૭**

ગુજરાતના તલાટીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. લાંબા સમયથી ચાલી રહેલી માંગણીને ધ્યાનમાં રાખીને મહેસૂલી તલાટી અને તલાટી કમ-મંત્રીની કામગીરી અને જવાબદારીઓ સત્તાવાર રીતે અલગ કરવામાં આવી છે. પંચાયત વિભાગના મંત્રીએ આ અંગે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે મહેસૂલ વિભાગના નવા ઠરાવ મુજબ બંને કેડર માટે અલગ-અલગ જોબચાર્ટ નક્કી કરવામાં આવ્યા છે.

આ નિર્ણયથી બંને કેડરના કર્મચારીઓની ફરજોને લઈને ચાલતી અસમંજસતા દૂર થવાની સાથે ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરી વધુ સુવ્યવસ્થિત બનશે. અત્યાર સુધી કેટલાક કામોમાં બંને કેડરની જવાબદારીઓ એકબીજા સાથે ઓવરલેપ થતી હોવાથી કર્મચારીઓમાં મૂંઝવણ ઊભી થતી હતી. હવે કામગીરીની સ્પષ્ટ વહેંચણી થતાં જવાબદારી નક્કી કરવામાં પણ સરળતા રહેશે.

નવા જોબચાર્ટ મુજબ મહેસૂલી તલાટી મુખ્યત્વે જમીન મહેસૂલ, જમીન રેકર્ડ અને મહેસૂલ કાયદા સાથે સંકળાયેલી કામગીરી સંભાળશે. જમીનના રેકર્ડની જાળવણી, હદનિશાન, સરકારી જમીન, ગૌચર અને ખાણ-ખનિજ સંબંધિત કામગીરી પણ તેમના કાર્યક્ષેત્રમાં રહેશે.

આ ઉપરાંત સરકારી જમીન પરના દબાણ સહિત જમીન અને મહેસૂલ સંબંધિત વિવિધ બાબતોમાં મહેસૂલી તલાટીની ભૂમિકા રહેશે. જમીન વ્યવસ્થાપન સાથે સંકળાયેલી કામગીરીમાં જવાબદારી સ્પષ્ટ થવાથી અરજદારોને પણ યોગ્ય કચેરી અને અધિકારી સુધી પહોંચવામાં સરળતા રહે તેવી શક્યતા છે.

બીજી તરફ તલાટી કમ-મંત્રી ગ્રામ પંચાયતના સચિવ તરીકે પંચાયત અધિનિયમ અને તેના નિયમો હેઠળની કામગીરી સંભાળશે. ગ્રામ પંચાયતની વહીવટી કામગીરી ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓના ગ્રામ્ય સ્તરે અમલીકરણ અને પંચાયતના વિકાસકાર્યોમાં તેમની જવાબદારી રહેશે.

જન્મ-મરણની નોંધણી, વિવિધ પ્રકારના પ્રમાણપત્રો, ગ્રામ વિકાસના કામો તેમજ પંચાયતને લગતી રોજિંદી કામગીરી પણ તલાટી કમ-મંત્રીના કાર્યક્ષેત્રમાં રહેશે. ગામતળ અને પંચાયત હસ્તકની જમીન, પાણી, સ્વચ્છતા, દીવાબત્તી અને પ્રાથમિક શિક્ષણ જેવી ગ્રામ પંચાયતલક્ષી કામગીરીનું સંકલન પણ તેઓ કરશે.સરકારના આ નિર્ણયથી મહેસૂલી અને પંચાયત સંબંધિત કામગીરી વચ્ચેની ભેદરેખા વધુ સ્પષ્ટ બનશે. લાંબા સમયથી બંને કેડરની કામગીરી અલગ કરવાની માંગ કરી રહેલા તલાટીઓ માટે આ નિર્ણય રાહતરૂપ માનવામાં આવી રહ્યો છે. નવી જવાબદારી મુજબ કામગીરી શરૂ થયા બાદ ગ્રામ્ય કક્ષાની વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનવાની અપેક્ષા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત

# પારડી તાલુકા પંચાયત દ્વારા સાત જેટલી ગ્રામ પંચાયતોને કચરા ગાડી આપવામાં આવી

**નાણામંત્રી કનુભાઈ દેસાઈએ લીલીઝંડી બતાવી અને પારડી તા.પં. પ્રમુખ કિન્નરીબેન પટેલે નાળિયેર વધેરી ગાડી રવાના કરી**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**પારડી, તા.૧૭**

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગાંધીજીના સ્વચ્છ ભારત અભિયાનના સ્વપ્નને સાકાર કરવા સમગ્ર દેશ સ્વચ્છ બને તે રીતનું મિશન ચલાવી રહ્યા છે.

આ સ્વચ્છ ભારત સ્વપ્નને સાકાર કરવા અને તેમાં સહભાગી થઈ પારડી તાલુકા પંચાયત દ્વારા ૧૫માં નાણાપંચમાંથી પારડી તાલુકાની કોલક, કલસર ડુંગરી, મોતીવાડા, તીઘરા, ડૂમલાવ અને સોઢલવાડા મળી કુલ સાત જેટલી ગ્રામ પંચાયતને પોતાના ગામમાંથી કચરો લઈ જવા માટે કચરા ગાડી આપવામાં આવી હતી. જેને લઇ આ દરેક ગામ સ્વચ્છ તો રહેશે જ સાથે સાથે આ કચરામાંથી ખાતર ઉત્પન્ન કરી ગ્રામ પંચાયતને આવક તો થશે જ સાથે સાથે ખેડૂતાને ખાતર પણ મળી રહેશે જેથી સારો પાક પણ મેળવી શકાશે.

આઝાદીના ૮૦માં સ્વતંત્રતા દિનની પૂર્વ સંધ્યાએ પારડી તાલુકા પંચાયત પટાંગણમાં આ તમામ સાત કચરા ગાડીઓને પારડી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન પટેલના હસ્તે નાળિયેર વધેરી પૂજન કર્યા બાદ ગુજરાત સરકારના નાણામંત્રી અને પારડીના ધારાસભ્ય એવા શ્રી કનુભાઈ દેસાઈએ લીલી ઝંડી બતાવી આ તમામ સાતેય ગ્રામ પંચાયતને આ ગાડી અર્પણ કરી રવાના કરવામાં આવી હતી.

આજના આ પ્રસંગે પારડીના ધારાસભ્યશ્રી કનુભાઈ દેસાઈ પારડી તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન પટેલ, ડુંગરીના શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી હિતેશભાઈ પટેલ સહિત પારડી પ્રાંત અધિકારી શ્રી નિરવભાઈ પટેલ, ટીડીઓશ્રી પારડી તાલુકા પંચાયતના હોદ્દેદારો સદસ્યો તથા મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી એલ.જી. હરિયા સ્કૂલમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ: ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૭**

શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશન સંચાલિત શ્રી એલ.જી.હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલ દ્વારા સ્વાતંત્રતા દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી વિરેન્દ્ર પટેલ (ચેરમેન, જાગૃતિ એન્ટરપ્રાઈઝ) ઉપસ્થિત રહ્યા હતા અને કેશવજી મેઘજી ગોસરાની અતિથિ વિશેષમાં, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ.કે.શાહ, શાળાના એસએમસી ચેરમેન શ્રી ઉજ્જવલ શુક્લા, સન્માનિત અતિથિ શ્રી રાજેન્દ્ર મારવાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિના હસ્તે ધ્વજવંદન દ્વારા કરવામાં આવી. શાળાના આચાર્ય શ્રીમતી બીની પૌલ દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્વાતંત્રતા દિવસ નિમિત્તે નાના ભૂલકાઓ દ્વારા નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું. સાથે સાથે અન્ય વિદ્યાર્થીઓ દ્વારા 'ભારત કી બેટી' થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

અંતે શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા શ્રીમતી બીની પૌલે કાર્યક્રમની સફળતા બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# ધરમપુર મુરદડ ગામનો કંગાળ થયેલ રસ્તો બનાવા માટે કાર્યપાલક ઈજનેરને રજૂઆત



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૭**

આજરોજ તા.૧૭/૦૮/૨૦૨૬ના દિને ધરમપુરના મુરડદ ગામે માવલી ફળીયા ખાતે જે રોડની સમસ્યા બાબતે કાર્યાપાલક ઈજનેરશ્રીને ગામ આગેવાનો સાથે રજૂઆત કરવામાં આવી અને એમણે હૈયાધરપત આપી કે વહેલી તકે એનું નિરાકરણ આવશે.

આદિવાસી વિસ્તાર ધરમપુરમાં આજે પણ લોકો રોડ રસ્તાથી વંચિત છે. આ ફળીયામાં ૬૦થી ૭૦ લોકો રહે છે અને કોઈક બીમાર પડે તો એમ્બ્યુલન્સ પણ આવી શકતી નથી. જે સરકાર વિકાસના દાવા કરે છે, અમારા આદિવાસી વિસ્તાર ધરમપુરમાં કરે છે એ બિલકુલ પોકળ સાબિત થાય છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ અમારા આદિવાસી વિસ્તારમાં લોકોએ રોડ માટે પણ વલખા મારવા પડે છે. જે બાબતે આજરોજ ગ્રામજનો સાથે કાર્યપાલક ઈજનેરશ્રીને રજૂઆત કરતા એમને હાલ આ રસ્તાની વૈકલ્પિક સુવિધા ઉપલબ્ધ કરી દેવામાં આવશે અને ચોમાસુ પત્યા બાદ વહેલી તકે નિરાકરણ કરી દેવામાં આવશેની હૈયાધરપત આપવામાં આવી હતી.

# વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજમાં ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૭**



ચણોદ કોલોની સ્થિત કેશવજીભારમલસુમારીયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં ૮૦માં સ્વતંત્રતા દિવસના શુભ પ્રસંગે, ખૂબ જ દેશભક્તિ અને ઉત્સાહ સાથે સ્વતંત્રતાની ભાવનાની ઉજવણી કરવામાં આવી હતી. કેમ્પસને રાષ્ટ્રધ્વજના રંગોથી શણગારવામાં આવ્યું હતું. જેનાથી એક્તા અને ગૌરવનું જીવંત વાતાવરણ સર્જાયું હતું. ઉજવણીની શરૂઆત ડો.આશા ટી.દિક્ષિત, (Obstetrics & Gynaecologist) દિક્ષિત હોસ્પિટલ, વાપી દ્વારા ધ્વજવંદન ફરકાવીને થઈ હતી. ત્યારબાદ રાષ્ટ્રગીત ગાઈને વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેનશ્રી એ.કે.શાહ, વિદ્યાર્થીઓ, NSS સ્વયંસેવકો અને કોલેજના સ્ટાફગણે આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

દેશભક્તિ ગીતો, સાંસ્કૃતિક પ્રદર્શન અને ભાષણોમાં સ્વતંત્રતા સેનાનીઓના બલિદાન અને રાષ્ટ્રીય એક્તાના મહત્તવ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો, ભાષણો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઆને શ્રદ્ધાંજલિ અર્પી. ઉજવણી દરમિયાન નવા વર્ગ પ્રતિનિધિઓ, જનરલ પ્રતિનિધિઓ, હેડ બોય, હેડ ગર્લ તથા સમિતિ વડાઓની જાહેરાત કરી અને તેમણે શિસ્ત, નેતૃત્વ અને સંસ્થાના વિકાસ માટે કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી. કાર્યક્રમ રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવાની પ્રતિજ્ઞા સાથે સમાપ્ત થયો.

યાદગાર ઉજવણીના અંતને ચિહ્નિત કરતા બધા સહભાગીઓને મીઠાઈઓ વહેંચવામાં આવી. આમ સમગ્ર પ્રોગ્રામ સફળ રહેતા કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી.ચૌહાણે મુખ્ય મહેમાન, ટ્રષ્ટીગણ તેમજ વિદ્યાર્થીઓનો આભાર માની વ્યક્તિગત જીવનમાં પણ દેશભક્તિ સાથે સમાજના દુષણો અને કુરિવાજો તેમજ વ્યસનથી મુક્ત થઇ સ્વચ્છ ભારતના જાગૃત નાગરિક બનવાની શુભેચ્છા પાઠવી હતી.

# પારડી ભાજપ કાર્યાલય ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**પારડી, તા.૧૭**

સગીર યુવાનો પણ મોબાઈલ છોડી દેશના સૌથી મહત્વ ધરાવતા ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસનું મહત્વ સમજે અને પ્રોત્સાહિત થાય તે હેતુસર પારડીના બે પેઢીથી વકીલાત સાથે સંકળાયેલા દેવાંશ મહેશ ભટ્ટની સગીર વયની દીકરી દીક્ષા ભટ્ટના હસ્તે ધ્વજવંદન કરાવી યુવાન-યુવતીઓને આ પવિત્ર દિવસ પ્રત્યે માન સન્માન જાળવવાનો સંદેશો આપ્યો હતો.

આજના આ સ્વતંત્રતા દિવસના શુભ અવસરે પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, મહામંત્રી શ્રી ઝુબિન દેસાઈ, પારડી નગર પાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી, ટીપી ચેરમેન શ્રી શિરીષભાઈ પટેલ, બાંધકામ અધ્યક્ષ શ્રી પ્રણવભાઈ દેસાઈ, વોટરવર્ક ચેરમેન શ્રી જીગ્નેશભાઈ પટેલ, શ્રી જીગ્નેશભાઈ માંગેલા, વીજળી ચેરમેન શ્રીમતી ઉષાબેન યોગેશભાઈ પટેલ, શ્રીમતી ભૂમિબેન પારેખ, શ્રીમતી મેઘાબેન ભાવસાર, શ્રી ધર્મેશભાઈ માલી, શ્રી મુન્નાભાઈ દેસાઈ, શ્રી કેતનભાઈ પ્રજાપતિ તથા સંગઠન તથા નગરપાલિકાના સદસ્ય અને ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચીખલી પોલીસે બલવાડા નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ખેપિયાની ધરપકડ કરી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ચીખલી,(વંકાલ), તા.૧૭**

ચીખલીના બલવાડા નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ખેપિયાની ધરપકડ કરી અન્ય બે જેટલાને વોન્ટેડ જાહેર કરી ૭.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ચીખલી પોલીસના પીઆઇ પી.બી.પટેલીયા, પીએસઆઇ-આર.એન.વાડલે, સર્વલન્સ સ્ટાફના અલ્પેશભાઇ, મહેન્દ્રભાઇ, વિજયભાઇ, જયપાલસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન પૂર્વ બાતમીના આધારે બલવાડા નેશનલ હાઇવે ઉપર મુંબઈથી અમદાવાદ જતા રોડ ઉપર વોચ ગોઠવતા બાતમી મુજબ નંબર વગરની મારૂતિ સુઝુકી સ્વીફ્ટ કાર આવતા જેને રોકી તલાસી લેતા અંદરથી વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ-૯૬૦ કિ.રૂા.૨,૬૫,૨૦૦/- મારૂતિ સ્વીફ્ટ કાર કિ.રૂા.૫ લાખ, એક નંગ મોબાઇલ કિ.રૂા.૫,૦૦૦/- મળી કુલ્લે રૂા.૭,૭૦,૨૦૦/- ના મુદ્દામાલ સાથે ચાલક હર્ષકુમાર અમ્રતલાલ પટેલ (ઉ.વ.૨૮) (રહે. ખડકી ગામ ભંડારવાડ તા. પારડી જી.વલસાડ)ની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર યોગેશ પ્રવીણ હળપતિ (રહે. પટેલ ફળીયા દમણ તથા સુરત ખાતે દારૂનો જથ્થો મંગાવનાર યોગેશ હળપતિનો અજાણ્યો માણસ મળી બે જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પીઆઇ પી.બી.પટેલીયા કરી રહ્યા છે

# વાપી રાતાની સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૭**

વાપી રાતા ખાતે આવેલ સમર્પણ જ્ઞાન સ્કૂલ ખાતે સમર્પણ જ્ઞાન સ્કૂલ, લાયન્સ ક્લબ ઓફ વાપી અને લાયન્સ ક્લબ ઓફ તરંગીનીનાં સંયુક્ત ઉપક્રમે ૮૦માં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે લાયન્સ ક્લબ ઓફ વાપીના પ્રેસિડેન્ટ લાયન ઉદય પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે રાષ્ટ્રધ્વજનું ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌએ રાષ્ટ્રીય ગીત અને રાષ્ટ્રગાન ગાઈને તિરંગાને સલામી આપી હતી.

આ વિશેષ અવસરે સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન શ્રી મૂકેશભાઈ પટેલ, સ્કૂલ ચેરપર્સન લાયન શ્રીમતી હીનાબેન પટેલ, શાળાના આચાર્યા લાયન શ્રીમતી પાર્વતી પિઠાની, તરંગીની કલબના પ્રેસિડેન્ડ લાયન શ્રીમતી તન્વીબેન પટેલ, તરંગીની કલબના સેક્રેટરી લાયન શ્રીમતી શિલ્પાબેન પટેલ, શિક્ષકગણ, લાયન પરિવારના સભ્યો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે લાયન શ્રીમતી તનવીબેન પટેલે સૌને ભાવભર્યું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શાળાના પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને દેશપ્રેમ, શિસ્ત અને જવાબદારીનું મહત્ત્વ સમજાવ્યું હતું.

મુખ્ય અતિથિ લાયન શ્રી ઉદયભાઈ પટેલે પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રસેવા, ઉત્તમ નાગરિક બનવા અને જીવનમાં મૂલ્યોને અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મૂકેશ પટેલે વિદ્યાર્થીઓને સારા સંસ્કારો સાથે આગળ વધીને દેશના જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરિત કર્યા હતા.

સ્કૂલ ચેરપર્સન લાયન શ્રીમતી હીના પટેલે સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા પાઠવી વિદ્યાર્થીઓને એક્તા, મહેનત અને રાષ્ટપ્રેમની ભાવના સાથે દેશના વિકાસમાં યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત ગાયન સ્પર્ધા, પિરામિડ પ્રદર્શન, ફેન્સી ડ્રેસ સ્પર્ધા, સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

અંતે દેશભક્તિ ગીત સ્પર્ધાના પરિણામો જાહેર કરવામાં આવ્યા અને હેડ બોય દ્વારા આભારવિધિ વ્યક્ત કરવામાં આવી હતી.


**CHANGE OF NAME**

**OLD NAME:**
DINESH CHANDRA SHANTARAM RAUT
**NEW NAME:**
**DINESH SHANTARAM**
**ADDRESS:**
H/NO:208/6, MANGELWAD, MOTI DAMAN, DAMAN (U.T)



દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન (યુ ટી)
આચાર્યની કચેરી,
રાજકીય એન્જીનીયરીંગ કોલેજ, દમણ
CSAB NEUT-2026 SPOT ROUND for Reserved B.E./B.Tech/Architecture/Pharmacy Seats

CSAB NEUT 2026: શૈક્ષણિક વર્ષ 2026-27 માટે દમણની સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં અનામત બેઠકો સામે એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર અને ફાર્મસી બેઠકોમાં પ્રવેશ માટે સ્પોટ રાઉન્ડ (CSAB NEUT 2026 કાઉન્સેલિંગના બીજા રાઉન્ડ પછી). એન્જિનિયરિંગ / આર્કિટેક્ચર / ફાર્મસીમાં ડિગ્રી બેઠકો માટે નોંધણી 17 ઓગસ્ટ, 2026 સાંજના 05:00 થી 25 ઓગસ્ટ, 2026 સવારે 10:00 વાગ્યા સુધી શરૂ થશે.
No. 27.1.(iii)-EST-ADTE(Vol-4)/2026-27/453 dated: 17/08/2026
વધુ માહિતી માટે લોગ ઓન કરો: www.csab.nic.in or www.ddd.gov.in / www.govtenggcollegedaman.org.in
No. IP/DMN/2/5/2026-27/429
Dated: 17/08/2026
- એસ. ડી -
આચાર્ય,
રાજકીય એન્જીનીયરીંગ કોલેજ, દમણ



**અનુરૂપ વિવાહ અમદાવાદમાં ફરી 'પરિચય સંમેલન'નું આયોજન કરશે**

અનુરૂપ વિવાહ (ગુજરાતી) ભારત અને વિદેશમાં ગુજરાતી સમુદાયમાં ઝડપથી પોતાનો વ્યાપ વધારી રહ્યું છે. તેઓ ઓનલાઈન ડેટાબેઝ અને શોધ ઉપરાંત તેમના સભ્યો સાથે વિવિધ ઓફલાઈન સંપર્કો જાળવવા માટે પ્રતિબદ્ધ છે.
અમારા 51 વર્ષના કાર્યકાળમાં અમે 1000 થી વધુ ઈવેન્ટ્સ નું આયોજન કરી ચુક્યા છીએ. ભારત નાં ઘણા શહેરો માં અને ભારત ની બહાર અમેરિકા, કૅનડા, ઑસ્ટ્રેલિયા, જર્મની, યૂ કે જેવા દેશો માં આ કાર્યક્રમો યોજાય છે.
ગયા ત્રણ વર્ષ માં અમે અમદાવાદ અને વડોદરામાં દસ મીટ અપ કાર્યક્રમો યોજ્યા છે. પાત્રો માટે પણ અને વાલીઓ માટે પણ. એટલુંજ નહીં તો આ કાર્યક્રમો માંથી પરિચય થયેલા પાત્રો નાં લગ્ન નક્કી પણ થયાનાં સમાચાર અમને મળ્યા છે.
અમારાં મહારાષ્ટ્ર વાસી ગુજરાતી સભ્યો માટે અમે ગયા વર્ષે દાદર, મુંબઈ માં પણ એક મીટ અપ કાર્યક્રમ યોજ્યો હતો. ત્યાં મુંબઈ, થાણે, નવી મુંબઈ, પુણે, નાસિક અને બીજા શહેરો માં થી પાત્રોએ ભાગ લીધો હતો.

**અમારા મીટ અપ કાર્યક્રમો ખુબજ રસપ્રદ અને લોકપ્રિય છે**

ગુજરાતી પાત્રો એકબીજાને રૂબરૂ મળી શકે, એકબીજા સાથે વાર્તાલાપ કરી શકે અને એકબીજાના મંતવ્યો જાણી શકે તે માટે, અનુરૂપે ફરી એક વાર અમદાવાદમાં પરિચય સંમેલનનું આયોજન કર્યું છે. કાર્યક્રમ 23 ઓગસ્ટ 2026 ના રોજ કચ્છી જૈન સેવા સમાજ હોલ, પાલડી ખાતે સવારે 10 વાગે યોજવામાં આવેલ છે. છોકરાઓ ની બેઠક ફુલ થઇ ગઈ છે. કન્યાઓના રજીસ્ટ્રેશન ચાલુ છે. કુંવારી કન્યાઓ Rs 235 ભરીને નોંધણી કરાવી શકે છે (ઉંમર ની મર્યાદા નથી). ઉમેદવારો અને માતાપિતા બંને હાજરી આપી શકે છે.
મીટ-અપ ઈવેન્ટ્સમાં ભાગ લેવાથી શોધથી લગ્ન સુધીની સફર સરળ બને છે. ઉમેદવારને રૂબરૂ મળવું, તેમના વ્યક્તિત્વ અને બોડી લેંગ્વેજનું અવલોકન કરવું અને તેમની 'વાઈબ્સ' અનુભવવી મહત્વપૂર્ણ છે. મીટ-અપ ઈવેન્ટમાં, તમને એક જ દિવસમાં ઘણા ઉમેદવારોને મળવાનો મોકો મળે છે, જે પસંદગીની પ્રક્રિયાને ટૂંકી કરવામાં મદદ કરે છે.
જો તમે વરરાજાની શોધમાં કુંવારી કન્યા છો અથવા તમે આવા ઉમેદવારને જાણો છો, તો તમે તાત્કાલિક અમારા ટોલ-ફ્રી નંબર પર કૉલ કરી શકો છો.
ટોલ-ફ્રી નંબર છે ૧૮૦૦ - ૨૬૭ - ૭૯૯૧
અથવા ઓનલાઈન નોંધણી કરાવો; અમારી વેબસાઈટન છે www. anuroopwiwaha.com.


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# શ્રાવણના પહેલા સોમવારે દાનહના શિવાલયોમાં ભક્તોની ભીડ: મહાકાલેશ્વર મિત્ર મંડળ દ્વારા કાવડયાત્રા નિકળી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૭**

દાદરા નગર હવેલીમાં પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારના દિને શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. હર હર મહાદેવના નાદ સાથે મંદિર ગુંજી ઉઠ્યું હતું. ભાવિકભકતો દ્વારા શિવલિંગ પર દૂધનો અભિષેક કરવામાં આવ્યો હતો અને પરિવારમાં સુખશાંતિ રહે એવી પ્રાર્થના કરી હતી.

મહાકાલેશ્વર મિત્ર મંડળ દ્વારા ગાયત્રી મંદિરથી કળશ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સેલવાસ આરડીસી શ્રી અમિત કુમાર સહિત અગ્રણીઓએ કળશયાત્રાને પૂજાઅર્ચના બાદ પ્રસ્થાન કરાવ્યું હતું. આ કળશ યાત્રા બિન્દ્રાબિન મહાદેવ મંદિર સુધી ગઈ હતી. જ્યાંથી કળશમાં જળ ભરી રામેશ્વર મહાદેવ મંદિર પર પહોંચી જળાભિષેક કરવામા આવ્યો હતો.

શ્રાવણ મહિનામાં સોમવારના દિવસે નાગપંચમીનો તેહવાર આવતા મહિલાઓમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. નાગ પંચમી હિંદુ ધર્મમાં નાગદેવતાની પૂજા કરવાનો પવિત્ર તહેવાર છે. ગુજરાત સહિત ભારતના અનેક ભાગોમાં શ્રાવણ મહિનાની શુક્લ પક્ષની પંચમીના દિવસે નાગ પંચમી ઉજવવામાં આવે છે. નાગ પંચમીનું મહત્વ-નાગદેવતાને ભગવાન શિવ સાથે જોડાયેલા માનવામાં આવે છે.

નાગની પૂજા કરવાથી કુટુંબની સુખ-શાંતિ અને સમૃદ્ધિ મળે તેવી ધાર્મિક માન્યતા છે. સર્પભય દૂર થાય અને નાગદેવતાની કૃપા મળે તેવી માન્યતા છે. ભગવાન શિવની ઉપાસના માટે પણ આ દિવસ વિશેષ માનવામાં આવે છે.

# સેલવાસ જીએનએલયુ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીની છેડતી કરનાર આરોપીને પોલીસે ઝડપી જાહેર માર્ગ પર સરઘસ કાઢ્યું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૭**

સેલવાસ જીએનએલયુ કોલેજમાં અભ્યાસ કરતી છોકરીની છેડતી કરનાર આરોપીની ધરપકડ કરી વરઘોડો કાઢવામાં આવ્યો હોવાની ઘટના બનવા પામી છે.

સેલવાસની જીએનએલયુ કોલેજની વિદ્યાર્થીની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરે છે જે કોઈક કામસર નમો હાસ્પિટલ નજીક મેડિકલ સ્ટોરમાં ખરીદી માટે ગઈ હતી. તે સમયે ઉમેશ યાદવ (ઉ.વ.૩૦) રહેવાસી બાવીસા ફળિયા, સેલવાસ જે આ છોકરીની છેડતી કરી હતી. જેથી છોકરીએ તાત્કાલિક ૧૧૨ ઈમરજન્સી નંબર પર ફોન કરતા પોલીસની ટીમ પહોંચી ગઈ હતી અને છોકરીએ આખી ઘટના પોલીસને જણાવતા બે કલાકની અંદર જ આરોપીને ઝડપી પાડવામા આવ્યો હતો અને ત્યારબાદ ઉમેશ યાદવને પોલીસ વિભાગ દ્વારા વરઘોડો કાઢી આખા શહેરમાં ફેરવ્યો હતો.

બાદમાં પોક્સો એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# વલસાડ જિલ્લામાં ચાલુ સિઝનમાં સૌથી વધુ વરસાદ કપરાડામાં ૧૪૩ ઈંચ અને સૌથી ઓછો વાપીમાં ૮૬ ઈંચ

**દમણમાં ૯૭ ઈંચ અને દાદરા નગર હવેલીમાં ૧૧૨ ઈંચ વરસાદ નોંધાયો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશ દમણ દાદરા નગર હવેલીમાં અત્યારે વરસાદની પુર બહાર મોસમ ચાલી રહી છે. ચોમાસાએ પ્રારંભિક બેટીંગ જોરદાર રીતે કરી છે, અત્યારે પણ ચાલુ જ છે.

વલસાડ જિલ્લામાં મળેલા વરસાદી આંકડાઓ મુજબ વર્તમાન સિઝનમાં વલસાડમાં ૨૫૪૫ એમએમ ૧૦૧.૦૮ ઈંચ, ધરમપુર ૨૪૫૬ એમએમ ૯૮.૨૪ ઈંચ, પારડી ૨૫૬૨ એમએમ ૧૦૨.૪૮ ઈંચ, કપરાડા ૩૫૪૩ એમએમ ૧૪૩ ઈંચ, વાપી ૨૧૬૩ એમએમ ૮૬.૫૦ ઈંચ, નાનાપોંઢા ૨૯૨૪ એમએમ ૧૧૬.૯૬ ઈંચ, ઉમરગામ ૨૭૨૪ એમએમ ૧૦૮.૯૬ ઈંચ જ્યારે પડોશી સંઘપ્રદેશમાં દમણમાં ૯૭.૧૩ ઈંચ અને દાદરા નગર હવેલીમાં ૧૧૨.૫૫ ઈંચ વરસાદ પડ્યો છે. ચોમાસાનો આ પ્રારંભ તબક્કાનો વરસાદ પડ્યો છે. હજુ બે મહિના બાકી છે ત્યારે એવું લાગી રહ્યું છે કે વર્તમાન ચોમાસું ભૂતકાળના તમામ આંકડા વટાવી જાય તો નવાઈ નહી. આ વર્ષના ચોમાસાએ વાપી અને વલસાડમાં ભારે તારાજી સર્જી દીધી હતી. ગત તા.૨૩ થી ૨૬ જુલાઈ વચ્ચે પડેલા વરસાદે પુરની સ્થિતિ ઉભી કરી દીધી હતી. કરોડો રૂપિયાનું નુકશાન વરસાદે કર્યું છે.

# વલસાડમાં યુવા કોંગ્રેસ દ્વારા ચાલી રહેલી ભૂખ હડતાલ વધુ ઉગ્ર બની: કાર્યકરોએ કલેક્ટર કચેરીએ ઘેરાવ કર્યો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વલસાડ યુવા કોંગ્રેસ દ્વારા છેલ્લા ૬ દિવસથી ભૂખ હડતાલનું આંદોલન ચલાવાઈ રહ્યું છે. શહેરની સમસ્યા, ભ્રષ્ટાચાર અને પાલિકાના કામકાજમાં ચાલી રહેલા બેદરકારી અને લાલીયાવાડીના વિરોધમાં ચાલી રહેલ યુવા કોંગ્રેસનું ભુખ હડતાલ આંદોલન દિવસે દિવસે જોર પકડી રહ્યું છે. આજે કલેક્ટર કચેરી ઘેરવાનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો જોડાયા છે.

વલસાડ યુવા કોંગ્રેસ અગ્રણી મીત દેસાઈ અને સાહિલ શેખના નેતૃત્ત્વમાં ભુખ હડતાલ ચાલી રહી છે. હવે આંદોલનમાં જુના કોંગ્રેસીઓ પણ જોડાઈ રહ્યા છે. આજે પૂર્વ સાંસદ કિશન પટેલ સહિતના કોંગ્રેસ નેતાઓ અને યુવા કાર્યકરોએ કલેક્ટર કચેરી ઘેરવાનો કાર્યક્રમ યોજ્યો હતો. સુત્રોચાર અને સરકાર, પાલિકા વિરૂધ્ધમાં ચાલી રહેલો આ ભુખ હડતાલ આંદોલન ૭મા દિવસમાં પ્રવેશી ચૂક્યું છે. યુવા કાર્યકરો તેમની માંગણીઓ માટે અડગ રહ્યા છે. પ્રારંભના દિવસે પોલીસે કાર્યકરોને ડીટેઈન પણ કર્યા હતા પરંતુ પોલીસની કોઈપણ વાત ગ્રાહ્ય રાખ્યા સિવાય આંદોલનને આગળ વધારવામાં આવી રહ્યું છે.

# ભિલાડ રેલવે અંડર બ્રિજ બંધ રહેશેઃ વાહન ચાલકો ધ્યાન આપો

**૨૩ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર સુધી દરરોજ રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી છત અને મજબૂતીકરણનું ચાલનારૂ કામ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

ભિલાડ રેલવે અંડર બ્રિજમાંથી પસાર થતાં વાહનચાલકો માટે એક ખાસ સમાચાર સામે આવ્યા છે. સ્ટેશન પાસે તાજેતરમાં બનાવાયેલો નવો 2-લેન રેલવે અંડર બ્રિજ (RUB) આગામી ૨૩ ઓગસ્ટથી રાત્રિના સમયે વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવશે.

રેલવે વિભાગના જણાવ્યા મુજબ, DFC સાઈડ પર અંડર બ્રિજની છત અને મજબૂતીકરણ (રૂફિંગ અને સ્ટ્રક્ચર)નું બાકી કામ પૂરઝડપે શરૂ કરવામાં આવી રહ્યું છે. કામગીરી દરમિયાન લોકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે ૨૩ ઓગસ્ટ ૨૦૨૬થી ૧૩ સપ્ટેમ્બર,૨૦૨૬ સુધી દરરોજ રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી સવારે ૬:૦૦ વાગ્યા સુધી આ બ્રિજ બંધ રહેશે. આ અંગે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર કોર્પોરેશન (DFCCIL) દ્વારા વલસાડ માર્ગ-મકાન વિભાગ, જિલ્લા કલેક્ટર, પોલીસ વિભાગ અને ભિલાડના સરપંચને પણ જાણ કરી દેવામાં આવી છે. જેથી રાત્રિના સમયે આ રસ્તેથી નીકળતા વાહનચાલકોએ કોઈ મુશ્કેલી નહીં પડે તે માટે વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા અપીલ કરાઈ છે.

# વલસાડમાં ગણેશ પ્રતિમા આગમન સમયે નિયમ ભંગ કરવા વિરૂધ્ધ પોલીસે બે ડીજે જપ્ત કરતા દોડધામ

**ડોબી રેલવે યાર્ડ ચા સમ્રાટ અને હાલર વિસ્તારના ડી મિલર ગૃપના ગણેશજી આગમન થઈ રહ્યું હતું, ડીસીબલ મશીન ફરજીયાત રાખવું પડશે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

ગણેશ મહોત્સવ આગમન વચ્ચે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી વલસાડના વિવિધ ગણેશ મંડળોની પૂર્વ તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ગણેશજીની પ્રતિમાઓના આગમન થઈ રહ્યા છે તેવી ગણેશજીની બે પ્રતિમાઓના આગમન સમયે પોલીસે નિયમ ભંગ કરવા બદલ બે ડીજે જપ્ત કર્યા હતા. ડીજે જપ્ત થવાથી દોડધામ વધી હતી. અન્ય ડીજે સંચાલકો પોલીસ સ્ટેશન દોડી ગયા હતા. દરેક ડી.જે. વપરાશ સમયે ડીસીબલ મશીન ફરજીયાત રાખવાનું પોલીસે જણાવ્યું હતું.

વલસાડના ડોબી રેલવે યાર્ડ ચા સમ્રાટ અને હાલર વિસ્તારના ડી.મિલર ગૃપના બે ગણેશજીની પ્રતિમાઓનું આગમન ડી.જે.ના સાઉન્ડ સાથે ભાવિકો કરી રહ્યા હતા તે દરમિયાન પોલીસે ગણેશ આગમનના નિયમો ભંગ કરવા બદલ બે ડીજે અટકાવી જપ્ત કર્યા હતા. ગાઈડ લાઈન પાલન નહી કરવામાં આવતા પોલીસે કાર્યવાહી કરી હતી. ઘટના બાદ અન્ય ડી.જે. સંચાલકો પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા. પોલીસ અને ગણેશ મંડળો વચ્ચે વાદવિવાદ વચ્ચે સમાધાન કરવામાં આવ્યું હતું. શહેરમાં ડી.જે. વાળાઓ આજે પણ બેફામ છે. ૭૦ હજાર થી દોઢ લાખ સુધીનો ચાર્જ વસુલી રહ્યા હોવાની પણ ચર્ચાઓ છે.

# દાનહમાં આજથી બે માસ સુધી હાઈવે માર્ગ નો-પાર્કિંગ ઝોન જાહેર કરાયો

**દાનહના સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ અમિત કુમારે શહીદ ચોકથી નરોલી એન્ટ્રન્સ ગેટ સુધીનો માર્ગ, સેલવાસ રિંગ રોડ, સામરવરણી-રખોલી રોડ તેમજ જિલ્લામાંથી પસાર થતાં તમામ નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે ઉપર ભારે કોમર્શિયલ અને માલવાહક વાહનોના પાર્કિંગ પર પ્રતિબંધિત જાહેર કરાયા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૭**

દાદરા નગર હવેલી જિલ્લામાં ભારે કોમર્શિયલ તથા માલવાહક વાહનોના જાહેર માર્ગો પર અનધિકૃત પાર્કિંગને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી અમિત કુમારે મહત્વપૂર્ણ આદેશ જાહેર કર્યો છે.

આદેશ મુજબ શહીદ ચોકથી નરોલી એન્ટ્રન્સ ગેટ સુધીનો માર્ગ, સેલવાસ રિંગ રોડ, સામરવરણી રખોલી રોડ તેમજ જિલ્લામાંથી પસાર થતા તમામ નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર ભારે કોમર્શિયલ અને માલવાહક વાહનોનું પાર્કિંગ પ્રતિબંધિત કરવામાં આવ્યું હતું. ભારે વાહનોના પાર્કિંગથી રસ્તાની ઉપયોગી પહોળાઈ ઘટતી હોવાથી ટ્રાફિક જામ, રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલી તેમજ અકસ્માતનું જોખમ વધતુ હોવાનું આદેશમાં જણાવાયું છે. ખાસ કરીને એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ સહિતના ઈમરજન્સી વાહનોની અવરજવર સરળ રહે તે માટે આ નિર્ણય લેવાયો છે.

આદેશનો ભંગ કરનાર વાહનો સામે ટોઈંગ, વ્હીલ કલેમ્પ સહિતની કાર્યવાહી થઈ શકે છે. ટોઈંગ, સ્ટોરેજ અને અન્ય લાગુ પડતા ખર્ચની જવાબદારી વાહન માલિક અથવા ચાલકની રહેશે. ઉપરાંત મોટર વ્હીકલ એક્ટ તથા અન્ય લાગુ કાયદા હેઠળ કાર્યવાહી પણ થઈ શકે છે.

ટ્રાફિક પોલીસ, પરિવહન વિભાગ અને અન્ય અમલીકરણ એજન્સીઓને નિયમિત પેટ્રોલિંગ અને કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા કાયદેસરની ફરજ પરના સેવા વાહનાને જરૂરી છૂટ આપવામાં આવી છે. આ પ્રતિબંધ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ સુધી બંને દિવસ સહિત અમલમાં રહેશે.

દાનહ કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોર દ્વારા પણ વિડીયો જારી કરી જણાવવામાં આવેલ કે પ્રદેશમાં આવતા કોમર્શિયલ વાહનોને સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે કે પછી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં રસ્તાઓની આજુબાજુ પાર્ક નહીં કરવામા આવે અને રીંગરોડની નજીક ટ્રાન્સપોર્ટ નગર બનાવવામાં આવેલ છે. જ્યાં મોટી ગાડીઓને પાર્કિંગ કરવામા આવે કે જેથી જાહેર માર્ગો પર ટ્રાફિકની સમસ્યા નહીં થાય તેમજ અકસ્માતોની ઘટના બનતી પણ અટકી શકે છે. જેથી કોમર્શિયલ વાહનોને ટ્રાન્સપોર્ટ નગરમાં પાર્ક કરવા તાકીદ કરવામાં આવી છે.

# "જે જીવ શ્રી કૃષ્ણનું ચિંતન કરે છે એની ચિંતા શ્રી કૃષ્ણ સ્વયં કરે છે": કથાકાર પ્રફુલભાઈ શુક્લ

**ધોડીપાડા ખાતે ધારાસભ્ય રમણભાઈ પાટકર દ્વારા આયોજિત ભાગવત કથામાં પાંચમાં દિવસે ગોવર્ધનપૂજા ઉત્સવની કરાયેલી ઉજવણી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધોડીપાડા, તા.૧૭**

ધોડીપાડા સાંસ્કૃતિક ભવન ખાતે વિશ્વપ્રસિદ્ધ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લના સાનિધ્યમાં ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર દ્વારા આયોજિત ભાગવત કથાના આજે પાંચમા દિવસે ગોવર્ધનપૂજા ઉત્સવની ઉજવણી ભક્તિભાવ અને ધામધૂમથી કરવામાં આવી હતી. આજે પાંચમા દિવસનો દશાંશ યજ્ઞ પણ સંપન્ન થયો હતો.

દિવસની શરૂઆતમાં નિત્ય ક્રમ અનુસાર પોથી તેમજ વ્યાસ પૂજન કરવામાં આવ્યું હતું. આજે ભાગવત કથામાં કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લએ તેમની ભાવવાહી શૈલી ભગવાન શ્રી કૃષ્ણ જન્મઉત્સવની કથા, નામકરણની કથા તેમજ શિવજી સાથેના મિલનની કથાનું સવિસ્તાર વર્ણન કર્યું હતું. આ પ્રસંગે શ્રોતાજનો ભાવવિભોર બની ગયા હતા.

વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લએ ગોવર્ધનપૂજાની કથા કરતા વ્યાસપીઠ પરથી વર્ણવ્યું હતું કે, "જે જીવ શ્રી કૃષ્ણનું ચિંતન કરે છે એની ચિંતા કૃષ્ણ કરે છે." ભગવાન ઉપર સંપૂર્ણ વિશ્વાસનું દર્શન ગોવર્ધન પૂજા છે, જે ભગવાનના ભરોસે રહે છે એના જીવનનો ભાર વહન ભગવાન કરે છે. કથામાં લોકો બેસે એના કરતા કથા લોકોમાં બેસવી જોઈએ, દરેક ક્રિયામાં બધાનું જ કારણ મન છે. શ્રી કૃષ્ણ ભગવાનનો અવતાર એ ક્રાંતિકારી અવતાર છે, જે સતત આનંદમાં રહે એનું નામ નંદ છે, યશ બીજાને આપી દે એ યશોદા છે, જેની દ્રષ્ટિ, વાણી અને વિચાર પવિત્ર નથી એ પૂતના છે, ગોવાળિયાઓએ ભગવાન શ્રી કૃષ્ણને ભગવાન ઘોષિત કાર્યા છે. જે ભગવાનના આશ્રયે રહે છે એનું ભારવહન ભગવાન કરે છે.

આજના પાવન પ્રસંગે ભગવાન ગોવર્ધનજીને ૫૬ ભોગનો નેવેદ્ય અર્પણ કરવામાં આવ્યો હતો. આચાર્ય શ્રી કિશન દવે અને શ્રી જયાનંદ મહારાજ દ્વારા ગોપી ગીતનું પારાયણ કરવામાં આવ્યું હતું. ગોવર્ધન પૂજા ઉત્સવનું તાદશ દ્રશ્ય બાળકો દ્વારા શ્રી રાજુભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કથાને સફળ બનાવવામાં કથાના કન્વીનર શ્રી વિજયભાઈ પાટકરનો પુરુષાર્થ રંગ લાવી રહ્યો છે. કર્મકાંડ આચાર્ય શ્રી દેવુભાઈ જાની (મોટાપોંઢા), શ્રી જયભાઈ જાની, શ્રીમતી ઉમિયાબેન જાનીએ પૂજ્ય બાપુનું અભિવાદન કર્યું હતું. એ કથાના આમંત્રણને માન આપીને પધારેલા અ.સૌ. સુદેશજી, શ્રી તીરથ રામ શર્મા(સેલવાસ), શ્રી પિંકુભાઈ યાદવ, શ્રી હર્ષ સોનપાલ, શ્રી કેવિનભાઈ સંજાણા, શ્રી મોહનભાઈ ખલાટ, શ્રી સંજયભાઈ પાંડે, શ્રી પંકજભાઈ બોરલાઈવાળા, શ્રી દીપકભાઈ મિસ્ત્રી અને તમામ મેહમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આવતી કાલે મંગળવારે કથામાં રૂક્ષ્મણી વિવાહ ઉત્સવની ઉજવણી થશે જેની તૈયારીઓ થઈ રહી છે.

# ધરમપુર ઉકતા ગામના પહાડ ઉપર બનેવી અને સાળીએ આપઘાત કર્યો : ઝાડ ઉપર લટકતા મૃતદેહ મળી આવ્યા

**બનેવી જયદીપ પટેલ અને સાળી હિરલ પટેલની સામુહિક આપઘાતની ઘટનાને લઈ સ્થાનિક વિસ્તારમાં ચકચાર**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

ધરમપુર નજીક આવેલ ઉકતા ગામના પહાડ ઉપર ઝાડની ડાળીએ લટકતા આપઘાત કરેલ બનેવી અને સાળીના મૃતદેહ મળી આવ્યા હતા. આપઘાતની ઘટનાએ સ્થાનિક વિસ્તારમાં ભારે ચકચાર મચાવી દીધી હતી.

ઉકતા ગામમાં જયદીપ પટેલ ઘરેથી ગૂમ થયો હતો. પરિવારજનો આમતેમ સમગ્ર વિસ્તારમાં શોધ ચલાવી રહ્યા હતા ત્યારે સ્થાનિકોએ પહાડની તળેટીમાં એક કાર જોઈ હતી. જેની વાત અન્ય ગ્રામજનોને કરતા લોકો પહાડ ઉપર ચઢી તપાસ હાથ ધરી હતી. પરંતુ ઉપર જઈ જે દૃશ્ય સામે આવ્યું હતું તે જોઈ લોકો ચોંકી ગયા હતા. ઝાડની ડાળીએ જયદીપ પટેલ (બનેવી) અને તેની સાળી હિરલ પટેલના લટકતા મૃતદેહ હતા. ઘટનાની જાણ ધરમપુર પોલીસને કરવામાં આવી હતી. ગામમાં ચાલતી ચર્ચાઓ મુજબ બનેવી સાળી વચ્ચે સબંધ હોવાનું મનાઈ રહ્યું છે. સબંધને આગળ વધારી શકાય એમ નહી હોવાથી આપઘાતનું અંતિમ પગલું ભરી લીધું હતું.